
# અધ્યાત્મ

ૐ




વર્ષ : ૨૩   જુલાઈ : ૨૦૦૨   અંક : ૧૦

## * યુવાનીમાં પ્રભુ માટે પુરુષાર્થ *

ઈશ્વર પ્રાપ્તિના માર્ગમાં જે કાંઇ પુરુષાર્થ કરવો હોય તે યુવાનીમાં જ સારી પેઠે થઇ શકે છે. તે વખતે અંતરમાં ઉત્સાહ હોય છે, મન મજબૂત હોય છે, ને રગેરગમાં આશા, ચેતના, આનંદ ને પુરુષાર્થ કરવાની પ્રેરણા ભરી હોય છે. સુખ ને દુઃખ કે ટાઢ ને તાપને સહન કરવાની ને કષ્ટ વેઠીને પણ ભયંકરમાં ભયંકર કે આકરામાં આકરી સાધના કરવાની શક્તિ પણ તે અવસ્થામાં સારા પ્રમાણમાં હોય છે. પછીથી જ્યારે ઇન્દ્રિયો ને શરીરની શક્તિનો હ્રાસ થઇ જાય, ઘડપણ શરીર ને મન પર સવાર થઇ જાય, ને મૃત્યુના સંદેશા વારંવાર આવવા માંડે, ત્યારે સાધનાનું આકરું ને કષ્ટસાધ્ય કામ કેવી રીતે થાય? ઘરમાં આગ લાગી હોય ત્યારે કૂવો ખોદવાનો પ્રયાસ કરવો એ જેમ મૂર્ખતા છે, તેમ ઘડપણમાં બધી જ શક્તિ નષ્ટ થઇ ગઇ હોય ત્યારે ઈશ્વરને માટે સાધના કરવા પ્રયાસ કરવો તે મૂર્ખતા તો નહિ પણ એકદમ અચોક્કસ કે અપર્યાપ્ત પ્રયાસ છે. માટે યુવાનીમાં જ જાગી કે ચેતી જવું જોઇએ. જ્યારે લોહી ઊછળતું હોય, ત્યારે આત્મવિકાસને માટે પુરુષાર્થ કરી લેવો જોઇએ.

યોગેશ્વરજી

# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
છૂટક નકલ ૪–૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૨૫–૦૦
વિદેશમાં રૂા. ૨૫૦–૦૦ (વિમાનથી)

⊗ **સંસ્થાપક :** **પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચે. ટ્રસ્ટ (રજી. અમદાવાદ).**
⊗ **તંત્રી–સંપાદક :** શ્રી નારાયણ હ. જાની.
⊗ **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન :** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧.
⊗ **અધ્યાત્મના સહાયક સ્વજનો :** ૧. ડો. બી. જે. જાગાણી, ૨. શ્રી ગોરધનભાઇ કલોલા અને ૩. શ્રી જ્યોત્સ્નાબેન ભરતકુમાર ત્રિવેદી.
⊗ **તંત્રી, મુદ્રક અને પ્રકાશક :** નારાયણ હ. જાની. ફોન : **૫૬૫૮૧૧**
⊗ **મુદ્રણસ્થાન :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪સી–૧, બોરડીગેટ, ભાવનગર–૧. ફોન : **૨૦૨૧૬૧**

### લેખકોને નિમંત્રણ

⊗ અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે. ⊗ લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

⊗ ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો. ⊗ 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો. ⊗ 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે. ⊗ પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે. ⊗ 'અધ્યાત્મ'અંગે કોઇ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે. ⊗ દર મહિનાની તા. ૧૦ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

# * અનુક્રમણિકા *


| | | |
|---|---|---|
| અભિનંદનીય શુભસંકલ્પ | મા સર્વેશ્વરી | ૩ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૪ |
| સંભવામિ ભક્તે ભક્તે | ડૉ. હિમાંશુ પાઠક | ૯ |
| જ્યાં અભિમાન ત્યાં અધ્યાત્મ નથઈ | લક્ષ્મેશ જોષી | ૧૫ |
| માંડૂક્ય ઉપનિષદ્ (૭) | યોગેશ્વરજી | ૧૮ |
| પ્રાયશ્ચિત્તનો અનોખો પ્રત્યુત્તર | રેવાશંકર પુરોહિત | ૨૧ |
| ભર્તુહરિ વૈરાગ્યશતક | યોગેશ્વરજી | ૨૭ |
| પૂ. મા શ્રી સર્વેશ્વરીની સહજ લીલાઓનું દર્શન | મંજુલાબેન ભાવસાર | ૨૮ |
| Three cheers for Yogesh Lad | Narayan Jani | ૩૩ |
| શૈક્ષણિક સન્માન-સમારંભ | તંત્રી | ૩૫ |
| સંતના શરણે જા | શ્રી તુકારામ ગાથામાંથી | ૩૭ |
| પૂ. મા સાથે વિમાનયાત્રા | જ્યોત્સનાબેન ત્રિવેદી | ૩૮ |
| Swargarohan : A Divine Pilgrim Place | Jagrat Jani | ૪૫ |
| સ્વર્ગારોહણ એક દિવ્ય યાત્રાધામ | તંત્રી | ૪૮ |
| A Departing Letter to Purya Maa | Nisha Bhakta | ૫૧ |
| રસેશ્વરી | યોગેશ્વરજી | ૫૫ |


# * અભિનંદનીય શુભસંકલ્પ *

શ્રી વાસુદેવ શ્રી પદ્માબેન-[એડમન્ટન-કેનેડા]
શ્રીઅંબેલાલ શ્રી હંસાબેન-[ટોરન્ટો-કેનેડા]
શ્રીપ્રભુદાસ શ્રી રૂક્ષ્મણીબેન-[ટોરન્ટો-કેનેડા]

કેનેડાની આ ત્રીજી શિબિરની પૂર્ણાહુતિ પ્રસંગે આ ભક્ત ત્રિપુટીના મનઅંતરે શુભસંકલ્પ જાગ્યો.

અધ્યાત્મમાસિકનો જુલાઈ ૨૦૦૨ ના અંકનો આર્થિક ભાર અમે સાથે મળીને ઉપાડીશું.

પૂ. શ્રી ગુરુદેવ શ્રી યોગેશ્વરજીના ચરણકમળમાં પૂ. મા સર્વેશ્વરીની કૃપા-પ્રેરણાથી અર્પણ કરી રહ્યા છીએ.

* * *

હે ભક્ત ત્રિપુટી આપનું સર્વ પ્રકારે સર્વ મંગલ થાઓ એવી પ્રાર્થના.

અતિશય મોંઘવારીમાં આપ જેવા થાંભલાઓના ટેકાથી અધ્યાત્મની ઈમારત ૨૨ વર્ષથી ગૌરવ સાથે ઉન્નત મસ્તકે ઊભી છે. એથી પણ આપ અભિનંદનના અધિકારી છો.

આભાર-અભિનંદન-આશીર્વાદ પ્રભુના.

— મા સર્વેશ્વરી.

# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો

–મા સર્વેશ્વરી

વર્ષ : ૨૩ જુલાઈ–૨૦૦૨ અંક : ૧૦


## શ્રી યોગેશ્વર કથામૃત

મા સર્વેશ્વરી

**તા. ૧૫/૯/૮૧ મંગળવાર, ભાદરવા વદ બીજ, ૨૦૩૭**

**સ્થળ : સનાતન મંદિર–લેસ્ટર શહેર, ઈંગ્લેન્ડ.**

લેસ્ટરમાં પંદર દિવસે ફરી પ્રવેશ થયો. પ્રવચન સ્થળ નવું હતું. ઉતારો પરિચિત હતો. ગઈકાલે આખે રસ્તે વરસાદ વરસતો રહ્યો. આજે સૂર્યનારાયણનાં દર્શન થઈ રહ્યાં છે.

સવારે સ્નાન કરી પૂ. શ્રી કપડાં ધોતા નથી. શ્રી દ્વારિકાદાસને તે સેવા મળી છે. વ્યાયામ, ગીતાપાઠ બાદ દૂધ પીધા પછી સાડા અગિયારસુધી લેખન ચાલુ રહ્યું.

આજની મુલાકાતમાં ઓરડો ભરાઈ ગયો હતો. ભગવાન શંકરને દૂધ પાણી કેમ ચઢે છે? એ પ્રશ્નથી શરૂઆત થઈ. એમાંથી પૂ. શ્રીએ ચાંદલો, ચોટલી, બીલીપત્રના વિશાળ આધ્યાત્મિક



અર્થઘટન આપ્યાં. ધ્યાન કરવા મનને ક્યાં સ્થિર કરવું અને ધ્યાન નીચે બેસીને કરવું કે ખુરશી ઉપર બેસીને થાય? એ પ્રશ્નોની પણ સુંદર ચર્ચા થઈ.

હિન્દુમંદિરના પ્રેમી સંચાલક ભાઈનો સંદેશો ગઈરાત્રે જ આવી ગયો હતો હું ભોજન માટે આવતીકાલે સાડાબારે લેવા આવીશ. અને એ રીતે તેઓ લેવા આવી ગયા. શ્રી વિદ્યાબેનને ત્યાં ખૂબ પ્રેમાળ ભોજન લીધું. શ્રી વિદ્યાબેન કહેવા લાગ્યાં. અમે તો દરરોજ તારીખ ગણતાં હતાં ગઈકાલે પણ તમારી રાહ જોઈ હતી.

ભોજનબાદ શિવમહિમ્નસ્તોત્રનો રાગ વિદ્યાબેનને શીખવો હતો, તે બતાવ્યો. સરળગીતાની પણ વાત થઈ. કેનેડાના પ્રવચન-ની વાતો પણ થઈ. ઉતારા ઉપર આવી આરામ. પૂ. શ્રી થોડું લેખન પછી કરે છે.

સાંજની મુલાકાતમાં એક ભાઈ ગીતાદર્શન વાંચીને મળવા આવ્યા હતા. થોડી જ વારમાં બીજા બે ભાઈઓ પ્રકાશના પંથે વાંચીને મળવા આવ્યા હતા. તેઓએ પૂ. શ્રીને પોતાને ત્યાં ઉતરવાની ને ભોજન લેવા પધારે એવી વિનતિ કરી. પૂ. શ્રીએ પોતાનો નિયમ જણાવ્યો. વળી રગ્બીથી શ્રી અંબાલાલભાઈ પણ મળવા આવ્યા હતા. તેમની સાથે પણ થોડી વાતો થઈ.

સમયસર પ્રવચન થયું. પ્રવચન બાદ ઉતારા ઉપર આવી ગયા. એક ભાઈ અને એક બેને આજે વાતો કરતાં જણાવ્યું કે હમણાં બે દિવસ ઉપર જ સર્વેશ્વરીને યોગેશ્વરજીનું ધ્યાનમાં દર્શન થયું હતું. તેઓ બંનેએ પૂ. શ્રીનાં પુસ્તકો વાંચ્યાં છે.

મંદિરથી ઉતારો બે જ મિનિટના અંતરે આવેલો છે. સનાતન

મંદિર એક મોટું ચર્ચ હતું. એની સાથે જ મકાનો આવેલ છે. એમાંનું એક મકાન મંદિરના ઉતારાનું હતું.

ઉતારા ઉપર આવી ફળદૂધ લઇ આરામ.

**તા. ૧૬/૯/૮૧ બુધવાર, ભાદરવા વદ ત્રીજ, ૨૦૩૭**

**સ્થળ : સનાતન મંદિર–લેસ્ટન શહેર, ઇંગ્લેન્ડ.**

આજે વરસાદ નથી. તડકો નીકળ્યો છે. દરરોજના ક્રમ પ્રમાણે પૂ. શ્રી લેખનમાં બેસે છે. અગિયાર વાગ્યાસુધી તે કાર્ય ચાલુ રહે છે. પછી જપ કરતા કરતા ઓરડામાં આંટા મારે છે.

મુલાકાતીઓમાં સૌ પ્રથમ શ્રી દ્વારિકાદાસ આવે છે. પૂ. શ્રી તેમને પૂછે છે, જપ કરો છો? કેટલા કરો છો? તે ભાઇ ચૌદમાળા કરે છે. પૂ. શ્રી તેને વધારવાની સૂચના આપે છે.

એક ભાઇ પૂ. શ્રીને પ્રભુ શી રીતે પ્રાપ્ત થાય, એ પ્રશ્ન પૂછે છે. તે ભાઇને પૂ. શ્રી માર્ગદર્શન આપે છે. તે ભાઇ દરરોજ બે કલાક રામના જપ કરે છે. ભારતમાં એકાંતસ્થાનમાં જઇને સાધના કરવાની ઇચ્છા ધરાવે છે. પૂ. શ્રીએ તેમને ચાણોદ, કરનાળી, સંતરામમંદિર વિગેરે સ્થાન બતાવે છે.

વડોદરા લોહાણા બોર્ડીંગમાં રહેતા એક ભાઇ પૂ. શ્રીને મળે છે. તેમણે પૂ. શ્રીને ભારતમાં પ્રવચનમાં સાંભળેલા, તેમણે કહ્યું : યોગેશ્વરજી જેવી મહાન વિભૂતિનું સ્થાન દેશમાં કેવું છે તે તો મેં જાતે જોયું. મને એમ થાય કે આવી મહાન વિભૂતિ આપણે આંગણે ક્યાંથી? હું તો ત્યાંની જનતાને જોઇને નવાઇ પામી ગયો!

એક ભાઇ ગાયત્રીમંત્ર જપે છે. પણ તેને રામમંત્ર ગમે છે. તો તે ભાઇને પણ પૂ. શ્રીએ સંતોષકારક જવાબ આપ્યો.



શ્રી વિદ્યાબેનને ત્યાં ભોજન લેવાનું બન્યું. ભોજનબાદ દરરોજની જેમ આજે ભોજન ને પૂજન સમયે બોલાતા શ્લોકની સમજ શ્રી વિદ્યાબેને પૂ. શ્રી પાસેથી મેળવી. એ દરમ્યાન શ્રી જયાબેન પણ આવીને બેઠાં છે.

તે બેન પૂ. શ્રીનું પ્રકાશના પંથે આત્મકથાનું પુસ્તક સાડા છ પાઉન્ડમાં લેસ્ટરના સ્ટોરમાંથી ખરીદીને આજકાલ વાંચે છે, જેથી તે બેને પણ પૂ. શ્રીને થોડા પ્રશ્નો પૂછયા. સત્સંગમાં રસ પડયો.

તે બેન પોતાની ગાડી લઇને આવ્યાં હતાં. ગાડીમાં પોતાની નાની દીકરી ઊંઘતી હતી જેથી તે બેન ગાડીના કાચ વિગેરે બધું જ બંધ કરી અંદર ઘરમાં આવ્યાં હતાં. તે દરમ્યાન તે બેનની દીકરી જાગી. રડવા લાગી. રસ્તા ઉપરથી પસાર થતી એક ગાડીએ ટ્રાફિક પોલીસને ખબર આપી. ગાડી તો એક શેરીમાં ઊભી હતી. છતાં ત્યાં તરત જ એક મહિલા પોલીસ આવીને ઊભી રહી ગઇ. ત્યાં જ જયાબેન ઘરમાંથી નીકળી ગાડીમાં બેસવા આવે છે. દીકરીને રડતી જોઇને તરત જ દોડીને ગાડી ખોલીને તેને જયાબેને લઇ લીધી. ટ્રાફિક પોલીસે તેમને ઠપકો આપ્યો. બાળક પ્રત્યે આવી બેદરકારી રાખવા બદલ દંડ કરવામાં આવે. પણ જયાબેને બચાવ કરતાં કહ્યું કે હું બે વાર તો જોવા આવી, ત્યારે તે ઊંઘમાં હતી. ટ્રાફિક પોલીસે ચેતવણી આપતાં કહ્યું. હવે પછી આવી બેદરકારી બતાવશો તો તરત જ દંડ કરવામાં આવશે. જયાબેન આજે પોલીસના મોટા દંડમાંથી બચી ગયાં.

ઇંગ્લેન્ડનું પોલીસતંત્ર કેટલું ઉત્તમ ને ઝડપી કાર્ય કરે છે. કાયદો ને વ્યવસ્થા કેવી પ્રેરક છે, તે જોવા મળ્યું.

પૂ. શ્રીને અતિશ્રમ, વરસાદી વાતાવરણને લીધે થોડી શરદી જેવું લાગે છે. માથા ઉપર સફેદ ખાદીનો ટુવાલ તે બાંધી દે છે,

જેથી શરદી થોડી હળવી થાય છે. આરામ જ કરે છે. સર્વેશ્વરી ડાયરી લખે છે. સાંજની મુલાકાતમાં એક ભાઈએ આશ્ચર્ય વ્યક્ત કરતાં કહ્યું : આપે કેટલાં બધાં પુસ્તકો લખ્યાં છે! એ બધાં પુસ્તકો આંતરપ્રેરણાથી લખાય છે કે શું?

પૂ. શ્રી : હું જ્યારે સાધના કરતો ત્યારે લેખન કરતો ન હતો પછી સંસ્કૃત ન જાણનાર વર્ગ માટે આપણા સાહિત્યનો પરિચય સરળ ગુજરાતી ભાષામાં આપવાનો વિચાર થયો અને એ રીતે પુસ્તકો લખાયાં. તેના પ્રકાશન માટે સંસ્થાઓ પણ મળી. ઈશ્વરની પ્રેરણા પ્રમાણે બધું કામ થયું.

આજે બીજાં પણ ત્રણચાર બેનો આવીને બેઠાં હતાં. અમૃતસર વેદાંત સંમેલનના આયોજક અને સ્વામી નિર્મલદાસના શિષ્ય શ્રી સદ્ચિદાનંદજી પણ આજે પૂ. શ્રીને મળવા આવે છે.

તેમણે ખૂબ નમ્રતાથી આવીને પ્રણામ કર્યાં. યોગેશ્વરજીનાં ચરણોનો હું તો દાસ છું, એવો ભાવ તેમણે વ્યક્ત કરતાં પૂ. શ્રીનો મહિમા ગાયો. પૂ. શ્રીએ પણ તેમનો પરિચય કરાવતાં આ નમ્ર સંતપુરુષ છે એમ કહી તેમની વેદાંત સંમેલનની સુંદર પ્રવૃત્તિનો ખ્યાલ આપ્યો.

તેઓ સાથે થોડી વાતો થઈ વિદાય વખતે પૂ. શ્રી દ્વારસુધી મૂકવા ગયા. થોડાં ફળો ને કાજુનું એક મોટું પેકેટ પૂ. શ્રીએ પ્રસાદમાં આપ્યું. શ્રી સદ્ચિદાનંદે સૌને પણ નમસ્કાર કર્યા. સાચે જ તેઓ નમ્રતાની મૂર્તિ હતા.

આજે પ્રવચનમાં પણ પૂ. શ્રીએ શ્રી સદ્ચિદાનંદજીનો પરિચય શ્રોતાઓને આપ્યો. સાચે જ પૂ. શ્રીને તેમને માટે પ્રેમ ને માન છે.

પ્રવચન બાદ ગરમ દૂધ લઈને આરામ કર્યો. (ક્રમશઃ)



# સંભવામિ ભક્તે ભક્તે

ડૉ. હિમાંશુ પાઠક

નાનપણથી હું સાચા મિત્રની વ્યાખ્યા સમજી ગયો હતો કારણ હું એવા બે સાચા મિત્રો વચ્ચેની મિત્રતાના પડછાયામાં ઉછર્યો છું. એટલે મિત્રતાની વ્યાખ્યા મારા રગેરગમાં પચી ગઈ છે.

મિત્ર એટલે જેની પડછાયાની હૂંફ ૨૪ કલાક, ૩૬૫ દિવસ અનુભવાય. મિત્ર એટલે અણિના સમયે સ્મરણ કરો તે પહેલાં હાજર થઈ જાય. મિત્ર એટલે જેના ખભા પર માથું મૂકીને રડી શકાય. મિત્ર એટલે જાણે કે ઢાલ, જે સદા રક્ષા કરે.

પૂજ્ય માની મિત્રતા મારી મિત્રતાની વ્યાખ્યામાં ૧૦૦% બંધ બેસે છે. જીવનમાં હજારો મિત્રો મળ્યા ને છૂટા પડયા. પણ પૂ. માની કક્ષાનાં મિત્ર ન મળ્યા. એટલે જ હું તો નાનપણથી જ પૂજ્ય માને મિત્રભાવે ભજું છું. પૂજ્ય માએ મારા પર કરેલા ઉપકારો—પૂજ્ય માનાં મારા પરના ઋણની યાદી લખવા બેસું તો કદાચ 'પ્રકાશના પંથે' જેવું દળદાર પુસ્તક બને. પૂજ્ય માને કદી મારા માટે, મારા પરિવાર માટે કંઈક પણ કર્યાનો ભાર એમની આંખોમાં ડોકાતો મેં જોયો નથી. બસ, ૨૪ કેરેટની મદદ ૨૪ કેરેટના પ્રેમથી કરી રહ્યાં છે.

આજે એક અવિસ્મરણીય પ્રસંગ યાદ આવે છે. એક ડૉક્ટર તરીકે જે મેં કદી જોયું નથી, અરે! આજનું વિજ્ઞાન પણ જેને સમજી નથી શક્યું તેવી ઘટના છે. 'ચમત્કારો આજે પણ બને છે'

એવું વાંચ્યું હતું ખરું, પણ અનુભવ્યું પહેલી વાર, પૂજ્ય માના સંગાથે.

૧૯૯૨ માં મારા લગ્ન થયાં. સાત વર્ષ પસાર થઇ ગયાં હતાં પણ અમે બેમાંથી ત્રણ ન થઇ શક્યાં. હું અને હેમીના બંને ગાયનેકોલોજીસ્ટની હોસ્પિટલમાં જ સર્વિસ કરતાં હતાં. છતાં પરિણામ શૂન્ય. એટલે છેવટે અમે નક્કી કર્યું હતું કે હેમીનાની ઉંમર ૩૦ વર્ષની થાય પછી બાળકને મેળવવાના બધા જ પ્રયત્નો હેઠા મૂકી દેવા.

હેમીના માર્ચ–'૯૮ માં ત્રીસ વર્ષ પૂરા કરવાની તૈયારીમાં હતી. અમે ફેબ્રુઆરી–'૯૮ માં પૂજ્ય મા પાસે ગયાં હતાં. એક–બે દિવસ પછી અમે પૂ. માની વિદાય લઇ રહ્યાં હતાં. પૂજ્ય માએ એક સફરજનની ઉપર નાનું ચીકુ મૂકીને હેમીનાને પ્રસાદમાં આપ્યું. મારા હૃદયમાં તરત જ સમજણનો પ્રકાશ થયો કે પૂજ્ય મા આવનાર બાળકની વધામણી આપી રહ્યાં છે. અને એ વધામણીનો ઘંટનાદ સંભળાયો. અમને તો ખબર જ ના પડી કે અમે બેમાંથી ત્રણ થઇ રહ્યાં છીએ.

હેમીનાના શરૂઆતના ત્રણ–ચાર મહિના સારા ગયા, પણ એ પછી મરણતોલ પરિસ્થિતિ આવી પહોંચી. અચાનક હેમીનાનું લોહી ઓછું થવા માંડયું. અને હીમોગ્લોબીન ૫–૬ ગ્રામ થઇ ગયું, જે સામાન્ય રીતે ૧૧–૧૨ ગ્રામ હોવું જોઇએ. અમે તો ગાયનેકોલોજીસ્ટની સાથે જ હતા એટલે બધી જ તપાસ કરવામાં આવી. લોહીના નિષ્ણાત ડોક્ટરે પણ તપાસ કરી. લોહી–પિશાબની તપાસ કરનાર પેથોલોજીસ્ટ ડોક્ટરે પણ ફરીથી બધા જ એમના ચોપડા વાંચી નાંખ્યા, પણ કોઇને કારણ ન મળ્યું કે હેમીનાને શું તકલીફ છે. છેવટના ઉપાય તરીકે વારંવાર બહારથી



લોહી આપવાનું નક્કી કરવામાં આવ્યું. મને ડોક્ટર તરીકે ખબર હતી કે આ કામમાં ખૂબ જોખમ છે. હું નહોતો ઇચ્છતો કે બહારનું લોહી લેવું પડે. પણ કોઇ છૂટકો નહતો. પણ પ્રભુકૃપાથી એવા મિત્રો મળી ગયા જેમણે સ્વેચ્છાથી લોહી આપ્યું, જેનામાં કોઇ રોગ ન હતા. તમે જાણો છો કે લોહી તો રોજ વપરાઇ જાય. પણ એ બધી વ્યવસ્થા થઇ ગઇ અને બે બોટલ લોહી આપ્યા પછી લોહી ઘટવાનું બંધ થઇ ગયું. મને બરાબર યાદ છે કે પૂજ્ય મા હેમીના માટે વારંવાર પ્રસાદ મોકલતાં હતાં. વિજ્ઞાન એમ માનતું કે અમારા પ્રયાસથી લોહી વધ્યું અને અમારું ભક્ત-હૃદય એમ માનતું હતું કે પૂજ્ય માની સીધી કૃપાનું પરિણામ હતું.

હજુ આ પ્રકરણ જેમ તેમ પુરું થયું ત્યાં એનાથી પણ ભયંકર ચિંતા કરાવનારું કારણ નજરે ચઢયું. છ મહિના પછી સોનોગ્રાફીની તપાસમાં ખબર પડી કે હેમીનાના ગર્ભાશયમાં પાણીનું પ્રમાણ એકદમ ઓછું થઇ ગયું છે. ગર્ભાશયનું આ પાણી વધારનારી દુનિયામાં કોઇ દવા નથી. એ પાણી બહારનું પાણી પીવાથી વધે નહિ. ગર્ભાશયનું પાણી એ બાળક માટે પ્રાણ હોય છે. એ પાણી ન હોય તો બાળક, પાણી વગર માછલીની જે દશા થાય, એવું અનુભવે. હેમીના પોતે સોનોગ્રાફી ડીપાર્ટમેન્ટમાં કામ કરતી હતી એટલે આ બધું એને ખબર જ હતું. તેથી ચિંતા થાય–એટલે છેવટે અમારા ડોક્ટરે એવો કડવો નિર્ણય લીધો કે સાત મહિનામાં જ બાળકને ઓપરેશન કરીને બહાર કાઢી લેવું અને કાચની પેટીમાં મોટું થવા દેવું. જે બાળકનો જન્મ સાતમા મહિને થાય એમનાં ફેફસાનો વિકાસ બરાબર થયો હોતો નથી એટલે બાળક અવશ્ય માંદુ પડે જ. એ જ પ્રકૃતિ બની જાય એટલે શરીરનો બાંધો નબળો જ હોય. એટલે મા–બાપને આખી જીંદગી

ચિંતા. આવું બાળક થોડું દોડે એટલે થાકી જાય. એના મગજનો વિકાસ પણ ઓછો થાય—આર્થિક સ્થિતિને ધ્યાનમાં રાખીને વિચારીએ તો બાળકને કાચની પેટીમાં રાખવાનો ખર્ચ રોજનો ૧૦૦૦/– તો થાય, થાય ને થાય જ.

હવે શું થાય?

પૂજ્ય મા તે દિવસોમાં કપુરામાં વિરાજમાન હતાં—મને થયું કે પૂજ્ય માના દર્શને જઇએ. તો અમારા ડોક્ટર હેમીનાને ટ્રાવેલીંગ માટે ના પાડે. ઘરેથી પપ્પા—મમ્મી ના પાડે. પણ મેં અને હેમીનાએ નક્કી કર્યું કે પૂજ્ય મા પાસે જઇએ. ધીમે ધીમે ગાડીમાં ગયાં. કપુરા પહોંચી ગયા ને પૂજ્ય માની રૂમમાં ગયાં તો મને ખૂબ આશ્ચર્ય થયું અને સાચું પૂછો તો ખૂબ આનંદ થયો.

પૂજ્ય માની પોતાના શરણાગત ભક્તની કાળજી લેવાની રીત તો જુઓ! અમે પૂજ્ય મા પાસે ગયા તો પૂજ્ય માએ પોતાના પલંગની બાજુમાં એક ખુરશી ગોઠવી હતી અને હેમીનાને કહ્યું, નીચે નહિ, આ ખુરશીપર બેસ. ધીમે ધીમે બધી હકીકત સાંભળી, મને પણ પૂછ્યું શા માટે અહીં સુધી આવ્યા? વિગેરે વિગેરે.

અને આપણે જાણીએ છીએ કે પૂજ્ય મા, આપણામાં હિંમત-નો પારો ચઢાવવાની કળામાં પારંગત છે. હેમીના ખૂબ નિરાશ હતી. રોજ આખી રાત જાગતી રહે, રડે, ચિંતા કરે.

પૂજ્ય માએ બધું જ શીખવ્યું. શું વાંચવાનું વિગેરે લીસ્ટ આપ્યું. ખૂબ પ્રસાદ આપ્યો. રક્ષા કવચ બાંધી આપ્યું અને અમે બરફનાં પાણીમાં નાહીને બહાર આવ્યાં. સૂરત આવ્યાં.

દર ત્રીજે દિવસે સોનોગ્રાફી કરવામાં આવે અને ડોક્ટર કહે કે હજુ એક દિવસ રાહ જોવામાં વાંધો નથી. રોજ ઓપરેશનની



તૈયારી થાય અને રોજ એક દિવસ ઓપરેશન પાછળ ઠેલાય. પછી તો રોજ સોનોગ્રાફી કરવામાં આવે ને રોજ એક દિવસનું મોત બીજા દિવસે ઠેલાય. અચાનક એક દિવસ અમારા સોનો-ગ્રાફીવાળા ડોક્ટરે કહ્યું કે હિમાંશુ, મેં મારી કારકીર્દિમાં હજારો સોનોગ્રાફી કરી છે. પણ કદી ગર્ભાશયમાં ઘટેલું પાણી વધતાં જોયું નથી. પણ હેમીનાના કેસમાં મને લાગે છે કે પાણી વધી રહ્યું છે. એમને પણ નિરાંત થઇ ગઇ કારણ બધા જ ડોક્ટરો એવું ઝંખતા હતા કે કોઇ પણ સંજોગોમાં નવ મહિના પૂરા થઇ જવા જોઇએ. અને એક એક દિવસ કરતાં પૂરા નવ મહિના પૂરા થયા. એક દિવસ રાત્રે બે વાગ્યે ઓપરેશન થયું અને અમે બેમાંથી ત્રણ થયાં. અમને પણ ઘણી ચિંતા થતી હતી એનું એક કારણ એ હતું કે અમને પહેલેથી ખબર હતી કે હેમીનાના પેટમાં છોકરો છે—Baby boy છે.

તમને એક વાત કહેવાનું તો ભૂલી ગયો કે આઠમા મહિનામાં ખબર પડી કે બાળકના હૃદયના વાલ્વમાં કંઇક તકલીફ છે. એટલે પાછી દોડાદોડ. અંતે એક નિષ્ણાત ડોક્ટરે કહ્યું કે હવે કંઇ નથી. ચિંતા ના કરો. પણ એ ડોક્ટરને ક્યાં ખબર હતી કે અમારી ચિંતા એમણે ઓછી નહોતી કરી, અમારી ચિંતા તો અમારા ગુરુમાએ હરી લીધી હતી.

બાળકનો જન્મ થયો એટલે મોટો પ્રશ્ન નામ શું રાખવું? મેં લગ્ન પહેલાં જ નક્કી કરી રાખ્યું હતું કે ભવિષ્યમાં મને દીકરો થશે તો 'પાર્થ' નામ રાખીશ અને દીકરી થશે તો 'ઋચા' નામ રાખીશ. પણ યોગસેન્ટર શરૂ કર્યા પછી મને દીકરાનું નામ પતંજલિ રાખવાનું મન થયું. લગભગ નક્કી જ હતું. પણ બાળકના

જન્મના બીજા જ દિવસે કપુરાથી સુશીલાફોઇ બાળકને રમાડવા આવ્યાં તો સાથે એક કવર લાવ્યાં–જેના પર પૂજ્ય માએ પોતાના હસ્તાક્ષરથી લખ્યું હતું "પાર્થ પાઠકને આશિર્વાદ." તો આ પૂજ્ય માને અમારા શ્રેષ્ઠ મિત્ર ગણીએ છીએ, તે ખોટું છે?

હું પૂજ્ય માને ભગવાન નહોતો માનતો એવું ન હતું, પણ આ ઘટનાથી મારી દૃષ્ટિ વધારે પારદર્શક બની અને એટલે આજે મારા માટે પૂજ્ય માનું દર્શન એટલે ભક્ત માટે ભગવાનનું દર્શન છે. પૂજ્ય મા મારા પુરુષવિશેષ છે, એવું કહેવામાં મને ગર્વ થાય છે. હું તો ત્યાંસુધી માનું છું "પ્રભુ (યોગેશ્વરજી), તમે કેટલીક બાબતોમાં માની તોલે ના આવો."

શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્કસ**

ગ્રીલ, દરવાજા, તેમ જ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ

તેમ જ

દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.

મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત–૩૯૫ ૦૦૭

ફોન : ૩૨૨૮૨૩૧



# જ્યાં અભિમાન ત્યાં અધ્યાત્મ નથી

પ્રો. લક્ષ્મેશ જોષી

એક વાર્તા.

કેન ઉપનિષદ્‌ના ત્રીજા ખંડમાં, ઉમા હૈમવતીની એક વાર્તા આવે છે, અસુરોની સાથેના યુદ્ધમાં દેવોનો વિજય થયો. તેથી દેવો માનવા લાગ્યા–**अस्माकम् एव अयं विजयः, अस्माकम् एव अयं महिमा**; એટલે કે અમારો જ આ વિજય છે, અમારો જ આ મહિમા છે. દેવો ઊભા હતા ત્યાં એક યક્ષ (દિવ્ય પુરુષ) પ્રકટ થયો. તે કોણ છે એ જાણવા દેવોએ અગ્નિ દેવતાને મોકલ્યા. યક્ષદ્વારા પૂછવામાં આવતાં અગ્નિએ **जातवेदस्** (અગ્નિ) તરીકે પોતાનો પરિચય આપ્યો.

"તમે શું પરાક્રમ કરી શકો?" એમ યક્ષદ્વારા પૂછવામાં આવતાં, અગ્નિએ કહ્યું : **इदं सर्वं दहेयम् यद् इदं पृथिव्याम्** અર્થાત્ આ બધું હું બાળી શકું જે આ કાંઇ પૃથ્વી ઉપર રહેલું છે. ત્યારે યક્ષે અગ્નિની સમક્ષ ઘાસનું એક તણખલું મૂક્યું અને કહ્યું–**एतद् दह** આને બાળી નાંખો. અગ્નિ વેગ સાથે તણખલાને બાળવા ગયો. પરંતુ, **तत् न शशाक दग्धुम्** અર્થાત્ તે તણખલાને બાળવા માટે અગ્નિ સમર્થ થયો નહીં.

પછી દેવોએ તે યક્ષ વિષે જાણવા વાયુ દેવતાને મોકલ્યા. તેની પણ એવી જ દશા થઇ. વાયુને તણખલાને ગ્રહણ કરવાનું–ઉડાડી દેવાનું યક્ષે કહ્યું. પરંતુ, વાયુ તણખલાને ય ઉડાડી શક્યો નહીં, **तत् न शशाक आदातुम्।** આમ અગ્નિ અને વાયુ યક્ષને

જાણી શક્યા નહીં. ઊલટું, તેઓ ભોંઠા પડીને પાછા ફર્યા.

અંતે, દેવોએ યક્ષને જાણવા ઈન્દ્ર દેવતાને મોકલ્યા. ઈન્દ્ર, જેવા ત્યાં પહોંચ્યા કે યક્ષ અદૃશ્ય થઇ ગયો. યક્ષની જગ્યાએ, સુવર્ણ આભૂષણોથી શોભતી ઉમા હૈમવતીનાં દર્શન થયાં. તે જગદંબાએ–માએ ઈન્દ્રને યક્ષનો પરિચય આપ્યો કે તે બ્રહ્મ હતું. વળી માએ કહ્યું–આ વિજય બ્રહ્મનો જ છે. બ્રહ્મદ્વારા પ્રાપ્ત વિજયથી તમે દેવો મહિમા પામો છો (**महीयध्वं महिमामं प्राप्नुथ** I–શાંકરભાષ્ય).

આ વાર્તાનો સાર એ છે કે મનુષ્યો જે કાંઇ દાન, પુણ્ય પરાક્રમ કરે, પીડિતોને સહાય કરે કે વિદ્યા અથવા યશ પ્રાપ્ત કરે તે બધાનું મૂળ કારણ બ્રહ્મ છે–જગદંબા છે–મા છે. નિર્ગુણ સ્વરૂપે જે બ્રહ્મ છે તે જ સગુણ સ્વરૂપે ઉમા હૈમવતી છે–મા છે. તેથી કોઇ ધનિકે ધનનો, વિદ્વાને વિદ્યાનો, યશસ્વીએ સ્વકળાનો, ગર્વ કરવો નહીં. કર્તા વસ્તુતઃ પરમાત્મા છે, મનુષ્યને માત્ર નિમિત્ત બનાવે છે.

વળી ઈન્દ્ર જેવા દેવરાજને પણ બ્રહ્મનું ભાન ઉમા હૈમવતી–મા કરાવે છે. ડો. રાધાકૃષ્ણન્ કેનોપનિષદ્‌ની નોંધમાં લખે છે–Mere Knowledge untouched by divine grace will not do. અર્થાત્ દિવ્યકૃપાના સ્પર્શ વગરનું માત્ર જ્ઞાન કાંઇ કરી શકે નહીં. શંકરાચાર્ય ઉપનિષદ્ ભાષ્યમાં લખે છે કે–**न हि...अभिमान–रागद्वेषादियुक्तस्य ब्रह्मविज्ञाने सामर्थ्यम् अस्ति** અર્થાત્ અભિમાન, રાગદ્વેષ વગેરેથી યુક્ત મનુષ્ય બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરવા સમર્થ થતો નથી. જ્યાં અભિમાન હોય ત્યાં અધ્યાત્મજ્ઞાન પ્રકટ થતું નથી. □

દુનિયામાં દુઃખોનો પાર નથી. દુનિયા દુઃખથી જ ભરેલી છે, અમે કહીએ તો ચાલે. આ દુઃખો પણ અનેક પ્રકારનાં છે. કોઇ મનથી, કોઇ તનથી તો કોઇ ધનથી કે ધનવગર દુઃખી છે.

આપણે કોઇનું દુઃખ તો લઇ શકતા નથી. પરંતુ જ્યારે આવા માણસોને મળવાનો અવસર આવે ત્યારે તેમને શાન્તિથી સાંભળજો. તેમનો તિરસ્કાર ના કરતા, મશ્કરી ના કરતા કે હાંસી ના ઊડાવતા. તેમને સહાનુભૂતિપૂર્વક સાંભળી આશ્વાસન આપશો તોપણ તે એક મોટું સત્કર્મ બની રહેશે. —યોગેશ્વરજી

સૌજન્ય :



# માંડૂક્ય ઉપનિષદ્ (૭)

યોગેશ્વરજી

## (૯) ૐ કાર ને આત્માની એકતા

ઋષિ કહે છે કે આ આત્મા ૐકાર છે. આત્માની જે અવસ્થાઓ છે તે ૐકારની માત્રાઓ છે. એ માત્રાઓ અ, ઉ ને મ એમ ત્રણ છે. જાગ્રત અવસ્થામાં રહેનારો વૈશ્વાનર આત્મા અકારરૂપ પહેલી માત્રા છે. અકારનો વ્યાપક ભાવાર્થ આપ્તિ–પ્રાપ્તિ અથવા આદિયત્વ થાય છે. એ વ્યુત્પત્તિ અથવા ભાવાર્થને જે જાણે છે તે બધી કામનાને મેળવી લે છે, તેમ જ સર્વોત્તમ બને છે. સ્વપ્નાવસ્થાનો તૈજસ આત્મા તે ઉકારરૂપ બીજી માત્રા છે. એ ઉકારનો વ્યાપક ભાવ ઉત્કર્ષ અથવા ઉભયત્વ થાય છે. તે ભાવાર્થને જાણનાર જ્ઞાનની વૃદ્ધિ કરી સમદર્શી બને છે. સુષુપ્તિ અવસ્થાનો પ્રાજ્ઞ આત્મા તે મકારરૂપ ત્રીજી માત્રા છે. તેનો ભાવ મિતિ–માપ અથવા અપીતિ–લય થાય છે. તે ભાવને સમજનાર બધાનું રહસ્ય જાણી લઈને આત્મામાં લય પણ પામે છે. માત્રા વિનાનો ચોથો આત્મા મન ને વાણીના વ્યવહારથી પર છે. સંસાર ત્યાં શાંત થાય છે. તે કલ્યાણસ્વરૂપ ને અદ્વૈત છે. એ પ્રમાણે ૐ કાર ને આત્મામાં કોઈ ફેર કે ભેદ નથી. એ પ્રમાણે ૐકાર ને આત્માની એકતા જે જાણી લે છે તે આત્મમય બની આત્મામાં પ્રવેશ કરે છે.

## (૧૦) લયદશાનો લાભ

આ વાક્યોમાં ઋષિએ ૐકારની ઉપાસનાના લાભ પણ બતાવ્યા છે. ચિત્તની લયદશા ને તેને પરિણામે થતો પરમાત્માનો



સાક્ષાત્કાર એ તેનો મુખ્ય ને છેવટનો લાભ છે. પરંતુ તે લાભ કાંઈ એકાદ બે દિવસમાં ન થાય. તે માટે તો દિવસો ને વરસો સુધી એકધારા સાધનામાં મંડયા રહેવું જોઈએ. ૐકારનું નિરંતર ને નિયમિત રીતે ચિંતન, મનન ને ધ્યાન કરતા રહેવું જોઈએ. કેટલાક લોકો ૐકારની ગર્જના કરે છે તો કેટલાક તેનો દીર્ઘ ધ્વનિનો આધાર લઈને મનને એકાગ્ર ને શાંત કરવાના પ્રયાસ કરે છે. કોઈ કોઈ તેનું ધ્યાન પણ કરે છે. ૐકારના ધીમા પણ મધુર, સતત ને તાલબદ્ધ ધ્વનિમાં મનની વૃત્તિને જોડવાથી શરૂઆતમાં ઘણો લાભ થાય છે ને ધ્યાન માટેની તૈયારીમાં મોટી મદદ મળે છે. ધ્યાનની મદદથી જ્યારે ચિત્તનો લય થવાની શરૂઆત થાય ત્યારે અનેરો આનંદ થાય છે ને ઊંડી શાંતિ મળે છે. તે દશાની પ્રાપ્તિ માટે ખૂબ ધીરજ, જાગૃતિ ને પરિશ્રમ જોઈએ. લયની દશા કષ્ટસાધ્ય છે. તે મોડી આવે છે પરંતુ એક વાર શરૂ થયા પછી આપોઆપ આગળ વધે છે. તે દશા ભારે સુખદ છે. છતાં સાધકે તેના પણ મોહમાં પડવાની જરૂર નથી. તેના મોહમાં પડી જવાથી કેટલીક વાર સાધક સમાધિનો જ અનુરાગી બની સમાધિને જ સર્વસ્વ માનતો થઈ જાય છે ને પરમાત્માના સાક્ષાત્કારની મહત્ત્વની વાત ભૂલી જાય છે. જાગૃતિ દશા તરફ કેટલીક વાર એને અણગમો પણ આવવા માંડે છે. એ સ્થિતિ ઉત્તમ ને આવકારદાયક નથી જ. સાધકે તેથી સાવધાન રહેવાની જરૂર છે. લય દશાનો લાભ લેવાની સાથે સાથે પરમાત્માનો સાક્ષાત્કાર કરવા તૈયાર રહેવું જોઈએ તેમ જ જીવનને પ્રભુમય કરવા એ સમદર્શી થઈને સૌમાં પ્રભુનો પ્રકાશ જોવા ટેવ પાડવી જોઈએ. કોઈ પણ એક અવસ્થાના મોહ કે બંધનમાં બંધાયા વિના પરમાત્માના પ્રેમી ને પરમાત્મદર્શી થવાની જ જરૂર છે. તો

જ જીવન ધન્ય બની શકે. કામ ઘણું મોટું ને જીવન થોડું છે; પરંતુ તેનું મહત્ત્વ ભારે હોવાથી તેને પૂરુ કર્યા વિના છૂટકો નથી.

### પૂર્ણાહુતિ

આ ઉપનિષદ્‌ની પૂર્ણાહુતિ પણ મુંડક ને પ્રશ્ન ઉપનિષદ્‌ના જેવા જ શ્લોકોમાં પ્રકટ થયેલી દીર્ઘાયુની ભાવના સાથે ઓતપ્રોત થઈને આપણે પણ જીવનને વધારે ને વધારે મંગલ ને ઉજ્જ્વળ બનાવવા વધારે જીવીએ અથવા કહો કે વધારે જીવનની કામના કરીએ. તે કામના પૂરી થાય કે ન થાય તોપણ, જીવનની જે પળો આપણને પ્રાપ્ત થાય તેનો સદુપયોગ કરવાની કળા તો જરૂર શીખી લઈએ. જીવનની જે ક્ષણો આપણને મળી છે તેનો વિવેક-પૂર્વક ને બરાબર ઉપયોગ કરીશું તો જીવનને આપણે જેવું ધારીશું તેવું બનાવી શકીશું. એ માટે પ્રમાદનો ત્યાગ કરીને સાધનાપરાયણ બનવું પડશે. નહિ તો પછી મનની વાત મનમાં જ રહી જશે ને પાછળથી વિના પરિણામ પસ્તાવું પડશે.

मनकी मनही मांहि रही,
ना हरि भजे न तीरथ सेवे।
चोटी काल ग्रही,
मनकी मनही मांहि रही॥

આ દશા ન થાય તે માટે સાવધાન રહેવાની જરૂર છે.

(સમાપ્ત)



# પ્રાયશ્ચિત્તનો અનોખો પ્રત્યુત્તર

રેવાશંકર પુરોહિત

થોડા વખતથી મનમાં એક વિચાર વારંવાર આવ્યા કરતો હતો. મનને એમ લાગતું હતું કે ઘણી વખત પૂ. શ્રી માને અકારણ અથવા પૂ. માને સમજ્યા વગર એમની સાથે ખોટા તર્ક કરી કે અવિવેકી વર્તન કરી અથવા એની આજ્ઞાનું ઉલ્લંઘન કરીને શબ્દોથી, વર્તનથી કે વ્યવહારથી જાણેઅજાણે અનેકવાર દુઃખ પહોંચાડયું છે. તો આનું પ્રાયશ્ચિત્ત કેવી રીતે કરવું? એ વિચારથી પ્રેરાઈને નક્કી કર્યું કે કોઈ એકાંત અને પવિત્ર સ્થળે જઈ શાંતિથી પાંચ લાખ જપનું અનુષ્ઠાન કરી પૂ. શ્રી માના ચરણે અર્પણ કરવું. સાથે સાથે પોતાનું અવલોકન પણ કરવું. તે માટે સ્થળની પસંદગી કરી ચાર છ માસ એકાંત સેવવું અને આ એકાંતવાસ દરમ્યાન જગત સાથેના લૌકિક સંબંધ અને વિષયો કેટલું સતાવે છે, તે પણ જાગૃતિપૂર્વક જોવાનું નક્કી કર્યું. એ માટે પૂ. શ્રી માની આજ્ઞા અને આશીર્વાદ લેવા અમદાવાદ 'સત્યપથ' તા. ૧૮ જુલાઇ ૨૦૦૧ ના રોજ અમારા એક મિત્ર શ્રી સોમ-ચંદભાઇ વી. મિસ્ત્રીને સાથે લઇ પહોંચી ગયા.

અમારી આ ઇચ્છા પત્રમાં લખી. પૂ. શ્રી માને આપ્યો. પૂ. શ્રી માએ ફક્ત પત્રને બંને બાજુ જોઇને મૂકી દીધો. પૂ. મા હસ્યાં અમને એમ કે પૂ. મા કાગળ વાંચે તો સારું, તેથી અમારા વિચારને જાણી શકે. પરંતુ પૂ. શ્રી માએ બીજીવાર પત્ર હાથમાં ના લીધો. એટલે અમારાથી ન રહેવાયું અને કહ્યું, આપ પત્ર

વાંચો તો ખરાં! પૂ. શ્રી માએ તરત જ સ્લેટ પર લખ્યું 'એકાંતમાં જવું છે?' અમે કહ્યું, 'હા જવું છે,' પરંતુ શું કામ? પૂ. શ્રી માએ કહ્યું પ્રાયશ્ચિત્ત કરવા જપ કરવા છે? મને હાશ થઇ કે પૂ. શ્રી મા મારા વિચારને પત્ર વાંચ્યા વગર પણ સમજી ગયાં છે ને જાણી પણ ગયાં છે.

પછી પૂ. શ્રી માએ લખ્યું ચાર, છ મહિના માટે નહીં, પરંતુ એક મહિના માટે જાઓ અને એ પણ પાલનપુરથી ૩૦ ત્રીસ કિ. મી. ના અંતરે હોય એવું સ્થળ પસંદ કરો. પૂ. શ્રી માએ ખૂબ પ્રસન્ન બની આશીર્વાદ અને સંમતિ આપી. 'સત્યપથ'થી સાંજે નીકળી રાત્રે પાલનપુર પરત આવ્યા.

તા. ૧૯–૭–૨૦૦૧ ના રોજ શ્રી હરગંગેશ્વર, (હાથીદરા ગામથી દોઢ કિ. મી. દૂર જંગલમાં) મંદિરમાં આવ્યો. એની પહેલાં પણ ત્રણ ચાર સ્થળો જોયાં હતાં. પરંતુ એ બધા કરતાં આ સ્થળ પવિત્ર, શાંત અને એકાંતમાં હતું.

વધુમાં મંદિરના બરાબર પાછળના ભાગે આવેલ ટેકરીમાં એક નાની ગુફા હતી. એ સ્થળ પસંદ કર્યું. તા. ૨૦–૭–૨૦૦૧ શુક્રવારની સાંજે જરૂરી સામાન લઇ શ્રી હરગંગેશ્વર મંદિરે પહોંચી ગયા. ત્યાં મંદિરના મહંત શ્રી દયાલપુરીજી મહારાજની સંમતિ લઇ ગુફા સાફ કરી. પૂ. શ્રી મા–પ્રભુના સ્વરૂપોની સ્થાપના કરી, પ્રણામ કર્યાં અને ભગવાન શિવજીનાં દર્શન કરી એમની પણ પ્રાર્થનાદ્વારા આજ્ઞા લીધી, પ્રભુ આવતી કાલથી જ પવિત્ર શ્રાવણ માસ શરૂ થાય છે. તો આપના આ પવિત્ર ધામમાં નિર્વિઘ્ને જપ પૂર્ણ કરી પૂ. શ્રી માને અર્પણ કરી શકું તેવી કૃપા આપ પણ કરજો. ૨૧–૭–૨૦૦૧ શ્રાવણ સુદ એકમ ને



શનિવારના રોજથી નિયમિત જપધ્યાન અને રોજની પ્રાર્થના તથા પ્રણામ નિર્વિઘ્ને શરૂ થઇ ગયા, આખો મહિનો શાંતિથી પૂર્ણ થવા આવ્યો. આખા માસ દરમ્યાન ત્રણ વખત ભૌતિક જગત તરફ મન થોડુંક જ આકર્ષાયું. એ સિવાય પૂજ્ય શ્રી માની કૃપાથી મનની શાંતિ અને સ્વસ્થતા જળવાઇ રહ્યાં.

શ્રાવણ માસ પૂરો થવામાં બે જ દિવસ બાકી હતા. સંકલ્પ પ્રમાણેના જપ પૂરા થઇ ગયા હતા. થોડી નવરાશ મળતાં મનમાં વિચાર આવ્યો કે ખરેખર પૂ. શ્રી મા–પ્રભુએ આ એક મહિનાનું તપ કે જપ જે કહો તે, ખરેખર સ્વીકાર્યું કે કેમ? કે પછી આખો માસ બેઠા તે નકામું ગયું? એવા આડા અવળા વિચારોથી પ્રેરાઇ શ્રાવણ વદ ચૌદસ ને શનિવાર તા. ૧૫–૮–૨૦૦૧ ના રોજ સવારમાં સ્નાનાદિ પતાવી ભગવાન શ્રી શિવજીને પ્રાર્થના કરી કે પ્રભુ આખા માસ દરમ્યાન કોઇ સ્થૂળ પદાર્થોની કે અન્ય કોઇ પણ ઇચ્છા વગર આપના સાન્નિધ્યમાં ફક્ત પ્રાયશ્ચિત્ત અર્થે મારાથી જેવું બન્યું તેવું તપ કે જપ કર્યાં. પરંતુ કોઇ અનુભવ થયો નથી. તો કૃપા કરી કંઇક અનુભૂતિ એવી આપો કે કાયમ માટે આપના આ પવિત્ર સ્થળનું સંભારણું રહે અને મને સંતોષ થાય કે મારા જપ પૂ. શ્રી માએ સ્વીકાર્યા છે. આવી પ્રાર્થના કરી પછી ગુફામાં આવી થોડું ધ્યાન, પછી જપ અને પ્રણામ કર્યા. બપોરે જમ્યા પછી થોડો આરામ કર્યો. સાંજ થવા આવી. ફરીથી એ જ વિચાર કે પ્રભુ કંઇ જ અનુભવ નથી આપવાના કે શું? તો કેમ નક્કી કરવું કે મારા જપનો સ્વીકાર થયો છે?

સાંજ પછી મંદિરે આરતી થઇ. ગુફામાં પૂ. શ્રી મા–પ્રભુનાં સ્વરૂપો સમક્ષ અગરબત્તી પ્રગટાવી પ્રણામ કર્યાં. સાંજના સાડા-

સાત વાગ્યા હતા. પૂ. શ્રીને અને પૂ. શ્રી માને ફરીથી પ્રાર્થના કરી, યાદ કરાવ્યું કે પ્રભુ ભોલાનાથ જો સમાધિમાં બેસી ગયા હશે તો કંઇ મારું થોડું જ સાંભળવાના છે? અને મારામાં કંઇ એવી શક્તિ નથી કે એમને સમાધિમાંથી નીચે લાવી શકાય. આપ કૃપા કરો અને કંઇ એવું દર્શન આપો તેથી મને થોડો સંતોષ મળે. અને આ જગ્યામાં રહ્યાનો આનંદ ને સાથે એક સંભારણું લઇને જઇએ. આવી પ્રાર્થના કરી સાંજના આઠ વાગે ધ્યાનમાં બેઠો. અડધો કલાક આશરે થયો હશે, તેવામાં બંધ આંખે સાપ દેખાણા. મને એમ કે મનની એકાગ્રતા બરાબર નથી રહેતી માટે આવું બને. તેથી ફરીથી મન ને ધારણા (પૂ. શ્રીના સ્વરૂપમાં) પર એકાગ્ર કરવા પ્રયત્ન કર્યો. મન થોડુંક એકાગ્ર થયું. પછી રોજની ટેવ પ્રમાણે મન એકદમ બહારની દુનિયામાં આવી ગયું. આંખ ખોલી. શાંતિથી મનમાં શ્રી મા–પ્રભુને પ્રણામ કર્યા. ગુફામાં વિજળીની સગવડ હતી તેથી લાઇટ કરી. અને અજવાળું થયું ત્યાં તો નજર સાપ પર પડી. જે મારાથી ફક્ત એક ફૂટથી પણ ઓછા અંતરે આરામથી સૂતેલો હતો. વારંવાર જોયા પછી નક્કી થયું, કે ખરેખર સાપ જ હતો. આખા શરીરમાં એક વખત તો ધ્રૂજારી આવી ગઇ. પાછા સ્વસ્થ થઇને સાપને જોયો. તો એનું મોં મારા પગથી એક વેંત છેટું હતું. અને પૂંછડી ગુફાના દર-વાજાને અડેલી હતી. શરીરના પ્રમાણમાં માથાનો ભાગ જરા જાડો હતો અને માથાની વચ્ચોવચ્ચ એક સફેદ ટીપકી જેવું હતું. બાકી આખો સાપ કાળો હતો.

થોડાક ડર પછી પ્રભુને પ્રાર્થના કરી, પૂ. શ્રી માને પ્રાર્થના કરી, નાગદેવને પણ પ્રાર્થના કરી કહ્યું કે આપ અહીંથી હવે પધારો, મને ડર લાગે છે. પરંતુ ગુફાનો દરવાજો બંધ હતો અને ખોલવાનો પ્રયત્ન કરું તો સાપની પૂંછડીને અડે તેમ હોવાથી જો



છંછેડાય અને મારાપર કદાચ હુમલો પણ કરે. એ ભયથી પણ દરવાજો ખોલવામાં ડર લાગતો હતો. અંતે પૂ. શ્રી માને પ્રાર્થના કરી. દરવાજો જેવો આસ્તે રહીને સાવધાનીથી ખોલ્યો, સાપની પૂંછડી દરવાજાના ખુલવાથી થોડી હાલી કે તરત જ સાપે ફેણ અદ્ધર કરી ગુફામાં ચારે તરફ જોવા માંડયું.

પૂ. શ્રી મા–પ્રભુને પ્રાર્થના કરતાં કરતાં કહ્યું પ્રભુ આ સાપને હવે બહાર કાઢો ડર લાગે છે. એટલામાં ગુફામાં પડેલી વાસીદી (સાફ કરવાનું ઝાડુ) પર નજર પડી. સાપની આગળ વાસીદીથી થોડોક અવાજ કર્યો. એક બે વકત વાસીદી જમીન પર પછાડીને અવાજ કરવાથી સાપ થોડોક દરવાજા તરફ વળ્યો. પછી વાસીદી-નો થોડોક ધક્કો માર્યો એટલે નાગદેવ ગુફાની બહાર નીકળી ગયા. ત્યારે હાશ થઇ. એ પછી હું જેવો આસન પરથી ઊભો થઇ ગુફાની બહાર આવ્યો કે તરત જ મારી નજર શિવાલય પર પડી અને મેં સવારે કરેલી પ્રાર્થના યાદ આવી. પછી ભગવાન શિવને કહ્યું કે, "પ્રભુ કંઇ આવા સંભારણા ન આપવાનાં હોય કે ક્યારેક કોકના પ્રાણ નીકળી જાય. આનો પૂ. શ્રી માના આશીર્વાદ હતા કે એમણે રક્ષા કરી અને મારા મનને હિમ્મત આપી સ્વસ્થ રાખ્યું."

આખા એ પ્રસંગમાં સમજવા, વિચારવા જેવું એ છે કે પહેલી વાત તો એ કે સહજે સાપ દરવાજે ઊંચો ચઢીને અંદર આવે એવી શક્યતા જ ઓછી હતી. છતાં ધારો કે ગમે તે રીતે દરવાજે ચઢી પાછો અંદર ઊતરીને શાંતિથી સૂઇ જ રહ્યો. આગળ વધ્યો જ નહિ. એ સમયે તો ગુફામાં અંધારું હતું તો કોઇ શિકાર માટે પણ આગળ ન વધતાં મારી છેક પાસે આવીને શાંતિથી સૂઇ ગયો. સાપ કયા ઇરાદાથી કે કઇ ઇચ્છાથી અંદર આવ્યો અને આવ્યા પછી એને આગળ કોણે ન વધવા દીધો? એ

મારે મન કોયડો બની ગયું.

ત્યારે સહજે સમજાયું કે પૂ. શ્રી મા–પ્રભુ સિવાય કોણ એને રોકે અને રક્ષા કરે? એમણે જ પોતાના બાળકની રક્ષા કાજ સાપને આગળ ના વધવા દીધો. નહીંતર હું તો મારા ધ્યાનમાં આરામથી બેઠો હતો. સાપ ક્યારનો આવીને સૂતો હતો તે જ ખબર ન હતી. માત્ર ધ્યાનમાં થોડો આભાસ થયો હતો. મેં તે લક્ષમાં લીધું જ ન હતું. આ નાગદેવનું દર્શન મારી આજની પ્રાર્થનાનો પ્રત્યુત્તર ન માનતાં કુદરતી રીતે ફરતા ફરતા ગુફામાં કદાચ આવી પણ ચડયો. હોય, તોપણ એક વાત તો સ્પષ્ટ છે કે પૂ. શ્રી માના આશીર્વાદ અને સંમતિ મેળવીને આ સ્થળે નિષ્ઠા-પૂર્વક ઇમાનદારીથી જપ કર્યા તો પૂ. શ્રી માએ પણ એટલી જ પોતાના બાળકની કાળજી રાખી રક્ષા કરી. પૂ. શ્રી મા અને પૂ. શ્રી યોગેશ્વર પ્રભુના શ્રી ચરણોમાં ખૂબ ખૂબ પ્રણામ અને ખૂબ ખૂબ ધન્યવાદ 'જય કૃપાળુ મા'.

**ખાસ નોંધ :** આ પ્રસંગ બન્યો ત્યારે પૂ. શ્રી મા પરદેશ (અમેરીકા) હતાં. હજારો કિ. મી. દૂર બેઠાં બેઠાં પણ પોતાના બાળકોની રક્ષા પૂ. મા કરે છે. સર્વ પ્રકારે રક્ષા કરવા પૂ. શ્રી મા સમર્થ છે. પછી ગમે તેટલાં દૂર હોય કે પાસે. પૂ. શ્રી માના આશીર્વાદમાં કોઇ પણ નાના મોટા કાર્યને સફળતા અને સુરક્ષા પ્રદાન કરવાની શક્તિ રહેલી છે જ.

'જય કૃપાળુ મા.'



# ભર્તુહરિ વૈરાગ્યશતક

યોગેશ્વરજી

૨૧

ના ભોગ, કિન્તુ અમ ભોગવાયા,
તપ્યા તપો ના જ, અમે તપાયા;
ગયો નહીં કાલ, અમે જ ચાલ્યા,
ના જીર્ણ તૃષ્ણા અમ જીર્ણશા થયા!

૨૨

ભિક્ષાન્ન તે પણ વિનારસ એકવાર,
શય્યા મહીં, સ્વજનમાં નિજ દેહમાત્ર;
ને વસ્ત્ર લાખ ટુકડેભર જીર્ણ કથા,
હા, હા, છતાંય વિષયો નવ ત્યાગતા આ!

૨૩

અમે જન્મ્યા જેથી બહુ દિવસથી તે ગીત થયા,
વધ્યા જેની સાથે સ્મરણ કરવા તે પણ રહ્યા;
અમે યે એવા આ મરણપ્રતિ ચાલ્યા નિત જતા,
ઊભેલા રેતીમાં સરિત તરવા વૃક્ષસરખા.

૨૪

આપી ના મનથી ક્ષમા, ગૃહસુખો છોડયાં ન સંતોષથી,
ઠંડી ને ગરમી સહ્યાં દુઃખથકી, માણી તપસ્યા નહીં;
ધાર્યું ચિત્ત ધને, ન શંભુપદમાં સ્વામી થઇ પ્રાણના,
તે તે કર્મ કર્યાં કહેલ મુનિએ, તે તે ફળો ના મળ્યાં.

પૂ. મા શ્રી સર્વેશ્વરીની

# સહજ લીલાઓનું દર્શન

તા. ૨૧-૪-૨૦૦૨, અંબાજી. મંજુલાબેન ભાવસાર

## ૧. ચૈતન્ય સ્વરૂપને પ્રણામ.

સ્વર્ગારોહણ તીર્થભૂમિ, દાંતારોડ, અંબાજી ખાતે પૂ. મા પધારે છે. નવા મકાનનું બાંધકામ કરવા માટે પાયા ખોદાયા છે. પૂ. મા અમદાવાદથી આવ્યાં છે. ઓફિસમાં બેઠાં છે. ભક્તો સાથે આનંદથી વાતો કરે છે. પંડિતજી પૂ. માનું સ્વાગત કરવા આરતી ઉતારવાની તૈયારી કરે છે. પૂ. મા સ્લેટ પર લખે છે. 'આરતી ઉતારવી જરૂરી છે? આવીએ, બેસીએ, બધાં સાથે વાતો કરીએ, આનંદ કરીએ, હળવાં થઈએ.' પૂ. મા માટે લાવેલા ફૂલહાર અને ફૂલો માટે પૂ. માએ લખ્યું 'ફૂલહાર, ફૂલોની પાંદડીઓને મકાન માટે ખોદાયેલા પાયામાં પધરાવજો, પ્રભુના સ્વરૂપની આરતી પણ પાયામાં જ ઉતારજો.' બસ, સ્વાગતનું નવું સ્વરૂપ ધર્યું. આરતીના રૂઢિગત ખ્યાલમાંથી સહજ રીતે બહાર લાવ્યાં. સ્વાગતનું નવલું રૂપ ધર્યું. પૂ. માને મન તો જે ચૈતન્ય જીવંતમાં છે, તે ચૈતન્ય પાયાના કણકણમાં છે. પરમાત્માની વિશાળ પાઠશાળાનો ઉઘાડ થયો. સહજ પ્રાર્થના થઈ ગઈ. હે મા! કણકણમાં વસી રહેલા તમારા ચૈતન્ય સ્વરૂપને કોટિ કોટિ પ્રણામ. અમારું અંતર નિશ-દિન આપના ચૈતન્ય સ્વરૂપનું સ્મરણ કરી આરતી ઉતારે, પુષ્પાં-જલિ ભક્તિભાવથી અર્પણ કરે, એવું કરી દો.

## ૨. પ્રેમરસ અમ પાત્રે ધરજો.

પૂ. મા પોતાના ખંડમાં બિરાજે છે. અમદાવાદની સ્વર્ગા-



રોહણની મુસાફરી દરમિયાન પૂ. માને થાક ન લાગે તે માટે શ્રી જીતુભાઈએ પૂ. માને ઈલેક્ટ્રીક પાવરવાળું એક ઓશિકું આપ્યું છે. તેનો ઉપયોગ કરવાથી થાક ઓછો લાગ્યો છે. વિજ્ઞાન પણ સંતની સેવામાં હાજર છે. પૂ. મા માટે ભક્તો ફળો લાવ્યા છે. પૂ. મા તે ફળોને જાતે જ ગોઠવે છે. પૂ. મા દ્વારા સહજ રીતે ગોઠવાતાં ફળોને જોઈને મનમાં બોલાયા વિના નથી રહેવાતું 'પૂ. માને ગુરુપદનો, સંતપદનો જરા સરખો ભાર નથી. પોતે પણ એક સેવક હોય તેમ વર્તે છે.' પૂ. માને સંતરાનો રસ અને લીલા નાળિયેરનું પાણી લેવાની ઇચ્છા છે. અમે તે કાર્યમાં પ્રવૃત્ત થઈએ છીએ. દરમિયાન પૂ. મા શિર્ષાસન કરી લે છે. સામાન્ય રીતે શિર્ષાસન પ્રભાત સમયે થાય. પણ પૂ. મા દરેક નિયમમાં અપવાદ-રૂપ જણાય છે. સંતરાનો રસ તૈયાર થઈ ગયો છે. પાત્ર રસથી છલોછલ ભરાઈ ગયું છે. હું મૂંઝવણ અનુભવું છું કે કેવી રીતે રસ બીજા પાત્રમાં રેડું તો રસ બહાર ન ઢોળાય. પૂ. મા મારી વિમાસણ જાણીને જોઈ લે છે. ખડખડાટ હસે છે. હું 'ૐ મા' કહીને બીજા પાત્રમાં રસ રેડું છું. રસ ઢોળાય છે. પૂ. મા મારા હાથમાંથી પાત્ર લઈને રસ ના ઢોળાય તે રીતે બીજા વાસણમાં રેડી દે છે. પ્રાર્થના થઈ જાય છે 'હે મા! તમારા શિશુ સહજ વ્યવહારને પ્રણામ. હે મા! રક્ષા કરજો. આપનો પ્રેમરસ અમારાં પાત્રમાં ભરજો. પાત્રને યોગ્ય બનાવજો, પ્રેમરસમાં સ્નાન કરવાનું સૌભાગ્ય સદાય ધરજો. આપના જેવી કાર્યકુશળતા અમને પ્રાપ્ત થાય એવી પ્રાર્થના.

## ૩. ચૈતન્ય-ચૈતન્યને પ્રણામ કરે છે.

પ્રો. તરલાબેન દેસાઈ પૂ. માને અમદાવાદથી ફોન કરે છે. તરલાબેન કહે છે કે પૂ. મા પ્રણામ કરે ત્યારે પ્રભુ (પૂ. યોગે-શ્વરજી) સાથે ઓતપ્રોત થઈ જાય છે. એકેએક પ્રણામ આ રીતે

થવા જોઇએ. મારી દીકરીને આપે પાંચ પ્રણામ કરવાનું કહેલું. પાંચ પ્રણામમાં તેને ઘણું બધું સુખ મળ્યું છે. નિયમના પાંચ પ્રણામ કર્યા પછી પ્રણામની ગણતરી કરતી નથી.

પૂ. મા તરત જ સ્લેટ પર લખે છે. 'જેને (પ્રભુને) પ્રણામ કરીએ છીએ તે બેઠાં બેઠાં ગણે. તેમને (પ્રભુને) શું કામ હોય છે? અમે પ્રણામ કરતાં નીચે નમીએ ત્યારે બધું જ ભૂલાઇ જાય છે. સ્થળ, કાળ, વ્યક્તિ, કોને પ્રણામ કરીએ છીએ તે પણ ભૂલાઇ જાય છે.' શ્રી તરલાબેનથી અભિપ્રાય અપાઇ ગયો. 'ચૈતન્ય-ચૈતન્યને પ્રણામ કરે છે. પૂ. માની આંતરિક અવસ્થા કેવી ઉચ્ચ! કોઇ પણ વિશેષ પ્રયત્ન વિના મન સર્વ કાંઇ ભૂલી જઇ ઈશ્વર સાથે એક ક્ષણમાં એકાકાર થઇ જાય. પ્રણામ પૂર્ણ થતાં વળી સહજ અવસ્થા. આવી સહજ એકાગ્રતાની અવસ્થા હે મા, અમને પણ પ્રાપ્ત થાય તેવી કૃપા કરો.

### ૪. ભૂમિપૂજન-સૌને સેવા મળી.

તા. ૨૧-૪-૨૦૦૨ના રોજ સ્વર્ગારોહણતીર્થમાં નવા મકાન-નું ભૂમિપૂજન સવારના કરવાનું છે. પ્રભાતવંદના થાય છે. સૂર્યોદય થતાં પૂજન શરૂ કરવાનું છે. પંડિતજી સાથે એ વાત થઇ હતી. પૂ. મા કોઇને પણ જાણ કર્યા વિના પ્રભુના સ્વરૂપ સાથે પૂજનના સ્થળ પર પહોંચી જાય છે. પૂજાના સ્થળ પર બધાં હતાં, પણ પૂજન શરૂ થયું ન હતું. પૂ. મા-પ્રભુ સ્થળ પર ઊભાં રહ્યાં એટલે બધી વ્યવસ્થા થઇ ગઇ. પૂજનની શરૂઆત થઇ. કોઇની પણ રાહ જોયા વિના નિર્ધારિત સમય પ્રમાણે કામ કરવાનો સંદેશ મૂક બનીને પૂ. માએ બધાને આપ્યો.

ભૂમિપૂજનના સ્થળે પૂ. મા સાથે રહેતું પૂ. શ્રીનું સ્વરૂપ એક ટેબલ પર પધરાવ્યું. તેની આજુબાજુમાં મા-પ્રભુનાં સ્વરૂપો પધરાવ્યાં. સ્વરૂપોનું પૂજન થાય છે. આસન પર પૂ. મા પણ



બિરાજમાન છે. પૂ. મા સર્વ ભક્તોને નેહભરી નજરે નિહાળતાં હતાં. પૂજન દરમિયાન અગિયાર બાવની બોલવાની હતી. પાયાની નાની જગ્યા અને ઉપર ધોમધખતો તાપ. પણ કોઇની ફરિયાદ નહીં. પૂજનમાં કંટાળો કે થાક ના લાગે તે માટે પાયાના ખાડામાં પ્રદક્ષિણા કરતાં કરતાં બાવની કરવાનું કહ્યું. કોઇ ભક્ત પૂજામાં બેઠા, કોઇએ આરતી ઉતારી, કોઇએ સિમેન્ટ પધરાવી, કોઇએ શ્રીફળ વધેર્યું. પૂજન કરેલી પ્રત્યેક ઇંટને મસ્તક પર મૂકી 'ૐ યોગેશ્વરાય નમઃ'ના મંત્રગાન સાથે અગિયાર ભૂદેવોએ તે ભૂમિ-ની પ્રદક્ષિણા કરી અને ઇંટોને પાયામાં પધરાવવાનું પવિત્ર કાર્ય કર્યું. પૂ. માના હૃદયમાં આ સ્થાનના નિર્માણ માટે કેટલો ઉચ્ચ, ગાઢ અને પવિત્ર ભાવ છે, પૂજ્યભાવ છે તેનાં દર્શન થાય છે.

### ૫. સુવર્ણ કંગન ધર્યાં હેતે.

તા. ૨૬-૪-૨૦૦૨ ના રોજ સાંજે અંબાજીની અપંગ બાળકોની સંસ્થાના સંચાલક શ્રી ચીમનભાઇ સ્વર્ગારોહણતીર્થમાં આવે છે. તેઓ પ્રજ્ઞાચક્ષુ છે. તેમના પત્ની શ્રી નીતાબેન પ્રજ્ઞાચક્ષુ નથી. તે ગૃહિણી પણ છે અને આ સંસ્થાના સંચાલનમાં સક્રિય સહયોગી પણ છે. શ્રી નીતાબેને પ્રજ્ઞાચક્ષુ પતિ એટલે પસંદ કર્યા કે અપંગ બાળકોની સંસ્થામાં બાળકોની સારી રીતે સેવા કરી શકાય.

પૂ. મા તો ઝવેરી જેમ હીરાને પારખી લે તેમ પારખી લે છે. સેવામૂર્તિનું મૂલ્ય અંકાતું નથી પણ પૂ. મા સેવાના રસ્તે પ્રેરણા ધરે છે, રસ્તો કંડારે છે. અને રસ્તો સરળ બનાવે છે. પૂ. મા સ્લેટમાં લખે છે. 'શ્રી ચીમનભાઇનાં પત્ની અમારી પાસેથી પ્રસાદ ગ્રહણ કરે, તો અમને આનંદ થશે.' પ્રસાદમાં પૂ. મા પોતાના કરમકમળની સોનાની બંગડીઓ ઉતારીને તે બેનને ધરી દે છે.

સહજરીતે પ્રસાદ અપાયો. હાજર રહેલા સૌ ભક્તોને આશ્ચર્ય થયું. પછી આગળ ચાલીને પૂ. મા શ્રી ચીમનભાઈને સંસ્થાની જરૂરિયાત અંગે પૂછે છે. 'શાળાના વિદ્યાર્થીઓને ચોપડીઓ, યુનિફોર્મ, નોટબુક વગેરે જરૂરિયાત કહો, વર્ષમાં સ્વર્ગારોહણતીર્થમાં બે–ત્રણ કાર્યક્રમો થાય છે, અન્નવિતરણ, વસ્ત્રવિતરણ, નિદાનયજ્ઞ, દવાવિતરણ. ત્યારે તમને યાદ કરીશું. જૂન માસમાં શાળા ખૂલે ત્યારે આ અંગે વિચારજો. તમારી મુશ્કેલીઓ અને જરૂરિયાતોમાં સહાયભૂત થવા પ્રયત્ન કરીશું.'

પૂ. મા પોતાના ખંડમાં જઈને દમયંતીબેનદ્વારા સૂચના મોકલે છે કે શ્રી નીતાબેનને કહો કે સોનાની બંગડી હાથમાં પહેરી લે. પૂ. મા નીતાબેન માટે ઉચ્ચ ભાવો વહાવતાં સ્લેટમાં લખે છે 'પ્રજ્ઞાચક્ષુ સાથે લગ્ન કરવા કોણ તૈયાર થાય? સેવા માટે આખું જીવન કોણ સમર્પણ કરે? પતિપત્ની પોતાનો પગાર પણ આ સંસ્થા માટે ખર્ચતાં હતાં. તો પૈસા ભેગા કરવાની વાત ક્યાં? પૂ. માની અવસ્થા આ પ્રસંગે એવી થઈ ગઈ કે પૂ. માએ લખ્યું કે 'આ ઘટના એવી સ્પર્શી ગઈ કે બંગડી આપ્યા વિના રહી શકાય તેમ નહોતું.'

મને પ્રાર્થના થઈ ગઈ કે હે મા! આપ દાનેશ્વરી છો. સુવર્ણનો ત્યાગ કરવો અઘરો છે. આપને સુવર્ણના દાનનો રંજ–અહંકાર નથી. દ્રષ્ટાભાવ છે.

વસ્તુ પહેરવી કે વાપરવી તે ખોટું નથી પણ તેનું મમત્ત્વ જ બંધનકારક છે. આપણી વસ્તુ સહજ રીતે બીજાને કેવી રીતે આપી શકાય તે પૂ. માએ પ્રત્યક્ષ રીતે બતાવી આપ્યું. પૂ. મા આ દાનથી ખૂબ પ્રસન્ન છે. બાળકના જેવી સહજ ચાલ તેની સાક્ષી પૂરે છે.

(ક્રમશઃ)



## Three cheers for Shri Yogesh Lad

**Narayan Jani (Editor)**

Readers of ADHYATMA monthly are highly pleased and impressed by the new title of natural and spiritual beauty scences, graphically prepared on computer by the well talented and devoted young computer designer shri Yogesh Lad of Toronto-Canada. The new titles have helped in changing the entire outlook and impression of our magazine ADHYATMA. For that the entire parivars of Mahatma Shri Yogeshwarjee and Maa Shri Sarweshwariji, are deeply grateful to him. No doubt, this would not have materialized without the direct inspiration and guidance of Maa to shri Yogeshbhai. We therefore, earnestly pray shri Gurudev and Maa to shower all DIvine Blessings and Bliss on shri Yogesh and his parents. They too-shri Gitaben and Dahyabhai Lad are also the devout followers of Maa-Prabhu.

As an Editor, I specially thank Yogesh Lad,

for this special and unique contribution to ADHYATMA. Wish him success and true prosperity in life. Maa-Prabhu may bless him at all times and in all fields of life.


સુવાક્ય

દુન્યવી કાર્યોમાં ઘણીવાર ધીરજની આવશ્યકતા રહે છે, તેના કરતાં વધુ ધીરજ આધ્યાત્મિક ક્ષેત્રના સાધક માટે જરૂરી બને છે. એથી તો શ્રદ્ધા અને સબૂરી–સાધનામાં આવશ્યક મનાયાં છે. **યોગેશ્વરજી**

ઘ. : ૪૬૩૪૩૧ : ૪૮૦૪૨૮ ઓ. : ૩૬૨૪૩૭ : ૩૬૦૩૭૬

ખેતીની સિંચાઇ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
–: બનાવનાર :–

**કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ**

૧/W, ભક્તિનગર ઇન્ડસ્ટ્રીઅલ એસ્ટેટ, રાજકોટ–૩૬૦૦૦૨




# શૈક્ષણિક સન્માન–સમારંભ

તંત્રી

પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીના માર્ગદર્શન મુજબ મહાત્મા શ્રી યોગેશ્વરજી સંસ્થાપિત સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ, અમદાવાદ તરફથી એક અનોખો કાર્યક્રમ હાથ ધરવામાં આવી રહ્યો છે. આ કાર્યક્રમમાં ગુજરાત રાજ્ય હાયર સેકન્ડરી એક્ઝામીનેશનના ધોરણ ૧૨ ની માર્ચ–એપ્રિલ–૨૦૦૨ માં લેવાયેલ પરીક્ષામાં રાજ્યના દરેક જિલ્લામાં વિજ્ઞાન અને સામાન્ય પ્રવાહોનાં પ્રથમ-સ્થાન પ્રાપ્ત કરનાર વિદ્યાર્થી કે વિદ્યાર્થીનીને જાહેરમાં 'યોગ જ્યોત ગૌરવ' પારિતોષિક અને રોકડ શિષ્યવૃત્તિથી સન્માનવામાં આવશે. આ માટેનો સમારંભ તા. ૬–૭–૨૦૦૨ ને શનિવારના રોજ સાંજે ૪ વાગે અમદાવાદના શ્રી 'ભાઇકાકા ભવન' ખાતે ગોઠવવામાં આવ્યો છે. આ સમારંભનું પ્રમુખસ્થાન જાણીતા આચાર્ય શ્રી વાડીભાઇ પટેલ (પ્રિન્સીપાલ–શ્રીમતી સદ્‌ગુણા સી. યુ. આર્ટસ કોલેજ તેમ જ ગુજરાત યુનિવર્સીટી આચાર્ય મંડળના પ્રમુખ) સંભાળશે. તેમ જ અતિથિવિશેષ તરીકે જાણીતા સાહિત્ય-કાર અને ટ્રસ્ટી, ગુજરાત વિશ્વકોષ–ડો. પ્રા. શ્રી કુમારપાળ દેસાઇ ખાસ ઉપસ્થિત રહેશે.

ગુજરાત રાજ્યના કુલ ૨૬ જિલ્લાઓના કુલ ૫૩ વિદ્યાર્થી-ઓને આ માટે તેઓના માતાપિતા સાથે નિમંત્રવામાં આવ્યા છે. આ કાર્યક્રમનું સંચાલન પ્રાધ્યાપિકા અને જાણીતાં લેખિકા શ્રી તરલાબેન દેસાઇ કરશે.

પ. પૂ. મા શ્રી સર્વેશ્વરી આ કાર્યક્રમમાં ખાસ ઉપસ્થિત રહી, સન્માનિત વદ્યાર્થીઓને યોગ જ્યોત ગૌરવ પારિતોષિક વિતરણ કરી, આશીર્વાદ ધરશે.

ગુજરાત રાજ્યમાં શૈક્ષણિક ક્ષેત્રે ઝળકનારા તેજસ્વી તારલાઓને તેઓની સરસ સફળતા માટે સમૂહમાં સન્માનવાનો કદાચ આ પહેલો જ પ્રયોગ છે. અને 'યોગ–જ્યોત ગૌરવ' શિલ્ડ સાથે રોકડ શિષ્યવૃત્તિ આપવાનો આ નવતર વિચાર પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીએ કાર્યાન્વિત કર્યો છે, જે ખરે જ પ્રશસ્ય છે.

જૂન, ૨૦૦૧ માં ભૂજ ખાતે પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીએ આજ ટ્રસ્ટના નેજા નીચે ભૂકંપગ્રસ્ત કચ્છના ધોરણ ૧૦ અને ૧૨ માં–વિપરિત પરિસ્થિતિમાં સરસ સફળતા મેળવનાર–૪૦ જેટલા વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓને યોગ–જ્યોત–ગૌરવ શિલ્ડ અને રૂા. ૨૫૦૦ ની શિષ્યવૃત્તિથી સન્માન્યા હતા. આમ ગુજરાતના તેજસ્વી વિદ્યાર્થીઓની પીઠ થાબડી તેમને પ્રોત્સાહિત કરવાની મા શ્રી સર્વેશ્વરીની કાર્યપદ્ધતિ ખરે જ અનોખી રહી છે.

આ સમારંભને આવરી લેતો વિસ્તૃત અહેવાલ ઓગસ્ટ–૨૦૦૨ ના અધ્યાત્મના અંકમાં રજૂ કરવામાં આવશે.

## * સંતવાણી *

ભગવાન કાજ બસ જીવો.
વાત બધી છાંડીને બસ એ પ્રેમમૂર્તિરસ પીઓ. ભગવાનકાજ૦
શાંતિ આપશે, જરૂર પ્રકટ થશે, આશાભર આવો,
જપ તપ ઉપાસના ના ચાલે, એક પિપાસા ધારો!
વિનવો, કોમળ અંતરમાં છે, પીગળશે પળમાં હો,
નિમિત્તકાજે કસશે કિન્તુ દયાથી પ્રકટ થશે હો!
રાજમાર્ગ આ શહેનશાહી, પવિત્ર, સીધેસીધો;
એને છાંડી યોગજ્ઞાનની વાટે કાં અથડાઓ? ભગવાનકાજ૦

યોગેશ્વરજી



# સંતના શરણે જા

હે મારા મન! જો તારે કોઇને મળવું જ હોય તો ફક્ત સંતોને જ મળજે અને બીજી બધી વાતોને તું છોડી જ દેજે; કારણ કે તે સંતોના સર્વ ભાવોનું એક માત્ર પાત્ર અથવા વિષય દેવ જ છે. તેઓ બીજી–ત્રીજી બાબતની ચર્ચા કરતા જ નથી. ઓ મારા મન! જો તને કોઇની સોબત કરવાનો ભાવ થાય તો સંતોની જ સોબત કરજે; બીજી–ત્રીજી વાતમાં માથું મારીશ જ નહીં. ઓ મારા મન! તારે કોઇ મંડળીમાં જઇને બેસવું હોય તો સંતોની મંડળીમાં જ જઇને બેસજે, એ સિવાય બીજી વાતની ઇચ્છા કરીશ નહીં. ઓ મારા મન! તારે કહીં જવાની ઇચ્છા હોય તો જ્યાં સંતો રહેતા હોય તે ગામમાં જ જજે; કારણ કે ત્યાં જવાથી તને વિશ્રાંતિ મળશે. તુકારામ કહે છે કે સંતો તો સુખના સમુદ્રસમાન છે. તેમનો આશ્રય લઇને, હે મારા મન! તું નિરંતર તૃપ્ત રહેજે. (શ્રી તુકારામ–ગાથામાંથી)

* સ્થાપત્ય કન્સ્ટ્રક્શન *
પ્રો. મનીષ હરિભાઇ ભોજાણી
બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ
મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઇલ્સ સામે
મોરબી–૩૬૩૬૪૧.
ફોન : (ઓફિસ) ૨૧૩૮૧, (રહેઠાણ) ૩૦૨૨૨, ૨૬૯૦૩

# પૂ. મા સાથે વિમાનયાત્રા

જ્યોત્સનાબેન ભરતકુમાર ત્રિવેદી

પ્રાર્થના એ સાધના છે. એ અમારા જીવનની ધ્રુવ પંક્તિ છે. છેલ્લા અઠવાડિયાથી સતત એમ થયા કરતું હતું કે બહુ દિવસથી પૂ. મા સાથે યાત્રા નથી કરી. તા. ૧૭–૪–૦૨ ના રોજ પૂ. શ્રી માએ કાંદિવલી–બોરીવલીમાં તે કરાવી. અમદાવાદ આવવાનું હતું. તોફાનોને લીધે સતત ક્યાંક અટવાઇ જવાનો ભય લાગતો હતો. એ દિવસોમાં પૂ. શ્રી માનો પણ અમદાવાદ પ્રવાસનો કાર્યક્રમ યોજાયો અને મને જીવનમાં પ્રથમવાર જ પૂ. શ્રી મા સાથે વિમાનમાં પ્રવાસ કરવાનો લ્હાવો મળ્યો.

શુક્રવારનું પ્રભાત મનમાં અનેક સ્પંદનો જગાડતું હતું, સવારે આઠ વાગ્યે પૂ. શ્રી મા રામટાવર હોલમાં સ્મિતવદને પધારે છે. થોડા સત્સંગી સાધક ભાઇ–બ્હેનો છે. ડૉ. દિલીપભાઇ અને તેમનાં પત્ની પૂર્ણિમાબહેન પણ હાજર છે. શ્રી સાંઇનાથની નાનકડી પ્રતિમાનું પૂજન થાય છે. ડૉ. સંદીપભાઇ વિષે વાતો થાય છે. યાત્રાના આરંભે પ્રાર્થના અને પ્રણામ કર્યા. પછી યાત્રાનો આરંભ થાય છે.

પૂ. શ્રી મા મધુભાઇ અને આનંદ સાથે એક ગાડીમાં બિરાજ્યાં છે. હું, યોગેશ, દીપેશ, રાજીવ, કેતનની ગાડીમાં સ્થાન લઇએ છીએ. પૂ. શ્રી માની ગાડી આગળ છે. સતત જાણે તે આપણા સારથિ છે તેવો ભાવ લાગ્યા કરે છે.

ગોરેગામ આગળ અમારી અને પૂ. માની ગાડી એક લાઇનમાં આવી જાય છે. પૂ. મા એવો સરસ હાથનો લટકો કરી



આનંદ વ્યક્ત કરે છે કે બ્રહ્મ જાણે સ્વયં બ્રહ્મ પાસે લટકાં કરે છે. હળવાશ અને સહજતા જાણે સજીવ થઇ જાય છે! અને એ નેત્રોમાંથી ઝરતી અમીધારા એવી શીતળતા અર્પી જાય છે કે એ નિમિષ માત્રનો સહવાસ સ્થળ કાળની મર્યાદા ભૂલાવી કાળને થંભાવી દે છે. કેટલીય વાર સુધી કંઇ ધ્યાન નથી રહેતું. યોગેશને કહેવાઇ જાય છે કે પૂ. મા એટલે મા. બીજો કોઇ વિકલ્પ જ નહીં.

ફ્લાઇટ જેટ એરવેઝની છે. એટલે તેનું ઉડયન જૂના ડોમેસ્ટીક એરપોર્ટ પરથી છે. બંને ગાડીઓ એરપોર્ટ આવી પહોંચે છે. એરપોર્ટ પર શ્રી ભૂપેન્દ્રભાઇ મળે છે. તેઓને જરૂરી સૂચના આપી પૂ. મા અંદરના પરિસરમાં પ્રવેશ કરે છે. ફ્લાઇટ ૯–૩૦ ની છે. રીપોર્ટીંગ ટાઇમ ૮–૩૦ સુધીનો જ છે. અમને ઘરેથી નીકળતાં જ થોડું મોડું થયેલું. પણ પૂ. મા કહે તોપણ જો ગાડી ચૂકી ન જવાય તો પૂ. મા સાથે હોય તો એવી શક્યતા જ ક્યાંથી? શ્રી મધુભાઇ ભટ્ટ સાથે છે. તેઓ શ્રી મા સાથે અનેકવાર પ્રવાસ કરી ચૂક્યા છે એટલે એરપોર્ટ પરની સર્વ પ્રક્રિયાથી વાકેફ છે.

કાઉન્ટર પર સામાન પરીક્ષણ થાય છે અને ટેગ આપવામાં આવે છે. પૂ. માના હાથમાં પૂ. શ્રીનું સ્વરૂપ છે. હું પૂ. માની હેન્ડબેગને ટેગ બાંધું છું. પૂ. મા હાથમાંના સ્વરૂપને ટેગ બાંધતાં શીખવે છે. પૂ. મા રસ્તામાં ટ્રોલીને હાથ પણ દેવડાવે છે. મારી ૧૯૮૯ પછી પહેલી વિમાનયાત્રા છે. પ્રોસીજરો તે જ છે પણ પરીક્ષણો કંઇક કડક થયાં છે.

હવે વ્યક્તિગત પરીક્ષણ શરૂ થાય છે. પૂ. શ્રી મા કાયદાનું ચૂસ્તપણે પાલન કરે છે. તેઓ તેમાં ક્યાંય મુક્તિ માગતાં નથી. પ્રભુના સ્વરૂપને જરા આમતેમ ન થવા દેનાર પૂ. મા તેને મશીન

પરીક્ષણમાંથી પસાર કરાવે છે ત્યારે મને નવાઈ લાગે છે. કેવી સરસ નિયમ બદ્ધતા અને શિસ્ત પ્રિયતા! વ્યક્તિગત પરીક્ષણ પછી એરપોર્ટ પર વિમાન સુધી જવા બસ આવે છે. લગભગ આખી ભરેલી છે. મારા હાથમાં વજનમાં ખૂબ હળવી એવી પૂ. માના સામાનની બેગ છે. મને નીચે મૂકવાનો સંકોચ છે જ્યાં સહુના પગ પડયા હોય ત્યાં પૂ. માનો સામાન ક્યાં મૂકવો? પૂ. મા તે નીચે મૂકાવી દે છે.

વિમાનમાં ચઢીએ છીએ. લગભગ ૨૦૦ સીટનું વિમાન છે. અમારી સીટ વિમાનની પાંખ પાસે છે. પૂ. માના ચરણારવિંદ તો ખુલ્લાં જ છે. વિમાનનું એરકંડીશન્ડ પૂ. માને નડી તો નહીં જાય તેવો વિચાર અંદર પ્રવેશ થતાં આવે છે. પણ પૂછતાં સંકોચ થાય છે. પૂ. શ્રી મા બારીપાસેની સીટમાં બિરાજે છે. બેસતાંની સાથે જ બારીનો પડદો ખોલી નાંખે છે. જપ ચાલુ કરી દે છે. પ્રભુનું સ્વરૂપ છેક પાસે છે. પૂ. માની સીટમાં પ્રભુનો ભાગ છે. પૂ. મા પોતાની હેંડબેગ પગ પાસે મૂકે છે કે તેમાંથી સામાન સહજ રીતે કાઢી શકાય. પૂ. માને હું અને મધુભાઈ કહીએ છીએ કે પહેલાં તો આ અગાશીમાંથી મૂકવા આવનાર સહુને આવજો કહી શકાતું હવે તો પરિસરમાં જ ન ઘૂસી શકાય તેવું છે. પૂ. મા કહે છે લોસએન્જલસમાં તો દોઢ કિલોમીટર દૂરથી જ પેસેંજર સિવાય કોઈ આવી શકતું નથી.

વિમાન બરાબર પોણા દસે રનવે પર દોડે છે. સીટ પરનો પટ્ટો અમે ત્રણે બાંધી દઈએ છીએ. વિમાન જ્યારે ઉપડવાની તૈયારીમાં હોય છે ત્યારે પૂ. મા જપ કરવાનું બંધ કરી બે હાથે વંદન કરી પ્રાર્થના કરે છે.



અમારું વિમાન ઉપડે તે પહેલાં આરબ અમીરાત અને ઈન્ડીયન એરલાઈન્સનું એક પ્લેન ઉતરે છે. તેથી અમારું વિમાન ઊભું રહે છે. લગભગ પાંચ મિનિટ પછી એર–હોસ્ટેસ બહારના તાપમાનની અને વિમાન ૪૫ મિનિટમાં અમદાવાદ પહોંચશે તેની સૂચના આપે છે. પૂ. મા સતત પ્રાર્થના કર્યા જ કરે છે.

વિમાન ઉપડયા પછી પાછળની જે સીટ ખાલી છે તેમાં શ્રી મધુભાઈ બેસે છે. તે પહેલાં પૂ. મા એરલાઈન્સનો પીલો કમરને આંચકા ન લાગે તે માટે માંગી લે છે. હું ઊઠતાં પહેલાં પટ્ટો છોડવાનું ભૂલી ન જાઉં તે પૂ. મા યાદ દેવડાવે છે. પોતાની હેંડબેગમાંથી પૂ. મા પૂ. શ્રીનો અક્ષરદેહ પણ કાઢી લઈ સ્વરૂપ પાસે મૂકે છે, જે ગુલાબી કલરના રૂમાલમાં વીંટેલો છે. હવે પૂ. શ્રીનું સ્વરૂપ વચ્ચેની સીટ પર બિરાજે છે. આગળ હાથમાંથી રોલ વાળેલું સ્વરૂપ પણ બિરાજે છે. મને પૂ. મા શ્રી નરેન્દ્રભાઈ ઠાકર અને રંજનબહેન ઠાકરના પરિવાર પરના પૂ. શ્રીના પત્રો વાંચવા આપે છે. જે ઋષિકેશ મહેસાણાના સ્થળેથી લખેલા છે. જેમાં ગીતા અને વિષ્ણુસહસ્રનામ વાંચવાની, સતત પ્રભુનું સ્મરણ કરવાની સૂચના છે. આ હું વાચું છું પણ મારા મનનો એક ભાગ તો પૂ. શ્રી માને જ વાંચવામાં છે.

એરહોસ્ટેસ રૂ અને ચોકલેટ આપે છે. પૂ. શ્રી મા તે પણ લે છે. બીજે દિવસે તે ચોકલેટ મારી પુત્રવધૂ ઉર્વીને આપે છે. તે એક ચોકલેટમાં એક નાની અને એક મોટી ગોળી છે. પૂ. માને આવો સહજ નિર્દોષ આનંદ ગમે છે. તે સગર્ભા છે એટલે તે ચોકલેટ માતા અને બાળક માટે છે.

પૂ. મા સતત જપ કરે છે. ક્યારેક સહેજ મોટેથી બોલે છે. પણ એ મંત્ર પકડાતો નથી ક્યારેક બંધ આંખે તો ક્યારેક વળી

ખુલ્લી આંખે, ક્યારેક કુદરત તરફ તો ક્યારેક આપણી તરફ સ્મિત કરતાં જપ કરે છે. હું સતત પ્રાર્થના કરું છું હે મા! આપના વાઇબ્રેશન મને મારી ઉર્ધ્વગતિમાં, આપની પ્રત્યેની શ્રદ્ધાભક્તિમાં, આપના સમર્પણમાં મદદરૂપ થાઓ. હે મા! અમારું અતિ ચંચળ મન આપને આપના કાર્યમાં ક્યાંય વિક્ષેપ કરનારું ન થાઓ. પૂ. મા ક્યારેક ખૂબ સ્થિર થઇ જાય છે. પૂ. મા હોય ત્યાં વાંચવામાં ધ્યાન ક્યાંથી લાગે? છતાં હું વાંચું છું, જોઉં છું નિરખ્યા કરું છું. આપણામાં તો ગોપી જેવો પલક પણ ન પડે એવો ભાવ ક્યાં છે? પણ મારા એ મારૂપી કૃષ્ણ મારી બધી જ નબળાઇ ચલાવી મારો સ્વીકાર કરે છે.

અમદાવાદ એરપોર્ટ આવવાની તૈયારીમાં છે. ફરીથી પાછા પટ્ટા બાંધવાની શરૂઆત થાય છે. પૂ. મા મને પણ તેમાં મદદ કરે છે. પણ આ ક્ષણની વિશિષ્ટતા એ છે કે પૂ. મા બાજુની સીટમાંથી પ્રભુને પોતાની પાસે લઇ લે છે. રખે! વિમાન ઉતરે ત્યારે પ્રભુને કંઇ આંચકો ન લાગે. એ દૃશ્ય એટલું રોમાંચક છે કે જાણે મા પોતાના વ્હાલસોયા બાળકને ઝટકો ન લાગે તે માટે હૃદય સરસું ચાપતાં ન હોય! આ દૃશ્ય જોઇ મને ખૂબ ઉત્તેજના થાય છે.

અમદાવાદની ગરમીના અગનખેલનો અહેસાસ વિમાનનો દરવાજો ખુલતાં અને સીડીના પગથિયાં નીચે ઉતરતાં જ થાય છે. પૂ. મા ખૂબ ઝડપથી તે ઉતરી જાય છે. બસ થોડી મોડી પડે છે. પૂ. માના ચરણારવિંદ ખુલ્લાં છે. પાસે પાણી પણ નથી કે બિછાવવાનું કપડું પણ. સામાન્ય રીતે ખૂબ ઝડપથી ચરણમાં પૂ. મા ગરમીમાં ધીરે ધીરે ચાલે છે. પૂ. માનાં ગરમીથી ચંપાતા ચરણાર- વિંદોથી જાણે આપણું હૃદય ચંપાય છે. આ સ્થિતિમાં એ જ સ્થિરતા અને એ જ પ્રસન્નતા છે. ચરણ દાઝયાં છે પણ



તે માટે નથી પગ પછાડયાં કે નથી કપડા પર લૂછ્યાં. ડામરની ધખતી સડકમાં કેટલું દઝાયું હશે? પાસે ભીનો રૂમાલ પણ ન હતો કે નહોતું પાણી. એ વેદના આ હૃદયે બે દિવસ સુધી અનુભવી.

એરપોર્ટ પર શ્રી બિપિનભાઇ તન્ના બે ગાડી લઇ પૂ. માને લેવા આવ્યા છે. મધુર સુવાસિત પુષ્પો ધરી પૂ. માને પ્રણામ કરે છે. પૂ. મા બિપિનભાઇ અને હું એક ગાડીમાં બેસીએ છીએ. રસ્તે મુંબઇના સત્સંગની વાતો થાય છે. પૂ. મા મુંબઇ નિવાસથી ખૂબ પ્રસન્ન છે. તેનાં સ્મરણો અને સંસ્મરણોની મધુરતા તેમના મુખારવિંદપર રેલાય છે. રસ્તે એક બહેનને જોઇ પૂ. માને અરૂણાબહેન જેવું લાગે છે. થોડા જ સમયમાં ગાડી સત્યપથ આવી જાય છે.

સત્યપથપર ઘણાં બધાં સાધક ભાઇબહેનો છે. સહુ પૂ. માના દર્શનથી પ્રસન્ન છે. બહાર ખૂબ ગરમી છે. પૂ. મા બાળકોના પ્રેમ પાસે સર્વ કાંઇ ભૂલી, મુખારવિંદપર જરા નેપકીન ફેરવી પ્રણામ કરી આસન પર બિરાજી જાય છે.

પૂ. મા કુમુદભાઇ, કપિલાબહેન, અરુણાબહેન અને ગીતાબહેન સહુના ખબર પૂછે છે.

તા. ૨૩–૨–૦૨ ના જયપુર પ્રસ્થાન પછી પૂ. મા પહેલી જ વાર સત્યપથ આવે છે. તે દિવસ પૂ. માના જયપુર ગમન સાથે અરુણાબહેનના બાનો સ્વધામ ગમનનો છે. તેઓ શ્રી સત્યપથથી જ સીધાં જીવનલીલા સંકેલી શ્રી ચરણલીન થઇ ગયાં છે. પૂ. મા મુંબઇના સત્સંગનો અહેવાલ આપવાનું કહે છે. હું તે આપું છું અને પછી પૂ. મા ડાયરીમાંથી તા. ૨૩–૨–૦૨ ની નોંધના બે પાનાનું વાંચન કરાવે છે. જેની અંદર પૂ. શ્રી માએ મંદાબેનના ગમનની નોંધ લખી છે.

અરુણાબહેન તથા ગીતાબહેનને આશ્વાસન આપે છે. તે દિવસના અને આજના પ્રસંગના સાક્ષી બનવાનું મને મળે છે. પૂ. મા સહુના મનની માવજત કરે છે તેમના ભાભીને પણ કહે છે તમે તો મંદાબાની પ્રસાદી છો. બા મંગળમેળ કરાવી ગયાં. ખૂબ ટૂંકા છતાં કેવાં પાથેય બંધાવી જાય તેવાં વાક્યો. હે મા! જાણે સહુના મનની તું અધિષ્ઠાત્રી તો છે, પણ સહુને રક્ષનારી પણ છે જ! તારા શબ્દોની શીતળતા ઊંડા ઊંડા ઘાને પણ ભરવાની ક્ષમતા ધરાવે છે. હે મા! આપના આવાં નિત્ય દર્શનની ઇચ્છના અભિલાષી પર કૃપા કરતી રહેજે, તે જ પ્રાર્થના.

પ્રેમ એ પ્રાર્થનાનું અગત્યનું અંગ કહેવાય છે. પ્રેમ પ્રાર્થનાનો પ્રાણ છે. પ્રેમપૂર્વક કરાતી પ્રાર્થના જલ્દી ફળે છે, આનંદ આપે છે, શાન્તિ બક્ષે છે. પ્રેમપર્વક કરાતી પ્રાર્થનામાં એક પ્રકારની અવનવી અમોઘ શક્તિ પેદા થાય છે. એટલે પ્રાર્થનાને બને તેટલા પ્રેમપૂર્વક કરવાનો આગ્રહ રાખવો જોઈએ.

યોગેશ્વરજી

ફોન : ૩૨૧૦૭૦૭, ૩૨૨૧૮૧૦
મોબાઈલ : ૯૮૨૫૧૩૭૩૫૫
દીપક સી. મહેતા
કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડીઓ.
૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પલેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, સુરત-૩૯૫૦૦૧.



## Swargarohan : A Divine Pilgrim Place

**Jagrat Jani**

### 'Why I like Swargarohan and Maa?

Swargarohan at Danta road, Ambaji is like the sun which always shine and never fades.It is ever green. I like swargarohan because it gives me a heart full of Joy and blessings and holiness in it. Swargarohan is the biggest vardan (boon) of Maa-Prabhu.

I like Swargarohan because it gives us an experience of coming close to Maa. It is a well disciplined place. It is a Rath (chariot) whose Sarthi (charioteer) is Maa. We have deep faith in Maa, so as in Swargarohan.

A kutia (small sadhana place) is a place where one can relax one's mind form all social bonds and worries. Where a person's mind freshens and becomes eternally blessed. The kutiya is like a house of blessings whomsoever visits, is blessed by Maa-Prabhu.

There is a yogtirth (a big hall where

photographs, bag, clothes, cot utensils and books of Yogeshwarji. Were displayed for exhibition. The photographs of Prabhu and Maa are all beautiful, but every swaroop has something to say in it. I like Yogtirth, which is amazing and excellent place. In Yogtirth, everything is demonstrated about Prabhus' life and the work. They are so miniutely and accurately put that our imaginations do not work. Yogtirth is a place where we can feel Prabhu's presence and can know all about his life. Prabhu spots a light on the life, how rare it is, and as such, sould not be wasted.

I like swargarohan because whenever I come here, I have good touch with Maa. Maa always wants her kids to shine out in the world. She does Satsang and Bhajans through which, we all come to know about life, how important the life is and how to help others by ourselves. I like Bhajans, Dhuns sung here, which spread the fragrance of Divinity throughout swargarohan.

I like to do Pranams (Rhythmic prostrations befor Prabhu) in swargarohan, I become careless for Pranam at home, but in



swargarohan, I never miss Pranam. I like swargarohan because whenever I come here, Maa gives me some work to do, through which I get her blessings. I love both Maa and swargarohan and wish to be as good as Maa wants to see me. I promise to see that in no way I shall cause any harm to the image of Swargoohan and Maa. I will try to be as good as possible and one of the biggest Bhaktas- (devotees) of Maa.

## ક્ષતિ બદલ ક્ષમાયાચના

અધ્યાત્મના જૂન–૨૦૦૨ ના અંકના પાના નં. ૩૩–૩૪ ઉપર 'કૃપા' શીર્ષક નીચે જે લખાણ અને ભજન રજૂ કરવામાં આવ્યાં છે–તેના લેખક મહાત્મા શ્રી યોગેશ્વરજી નહિ, પરંતુ પૂ. મા શ્રી સર્વેશ્વરી છે, તેની વાંચકોને નોંધ લેવા વિનંતી છે. ક્ષતિ બદલ પૂ. મા અને વાંચકોની ક્ષમા માગીએ છીએ.

— તંત્રી

# સ્વર્ગારોહણ એક દિવ્ય યાત્રાધામ

મૂળ લેખક : જાગ્રત જાની
અનુવાદ : તંત્રી

### મને સ્વર્ગારોહણ શું કામ ગમે?

અંબાજીના દાંતા રોડપર આવેલું સ્વર્ગારોહણ આનંદ અને શાન્તિનું સ્થાન છે. કદી ઝાંખા ન થતા સૂર્યની જેમ તે સતત પ્રકાશ્યા કરે છે. તે સદાય લીલું છે. (પ્રાકૃતિક લીલોતરીથી ભરેલું) મને સ્વર્ગારોહણ એટલા માટે ગમે છે કે તે મારા હૃદયને આનંદ, આશીષ અને પવિત્રતા બક્ષે છે. સ્વર્ગારોહણ તો પૂ. મા–પ્રભુના (ભક્તો માટે) શ્રેષ્ઠ વરદાન સમાન છે.

સ્વર્ગારોહણ ગમવાનું બીજું કારણ એ છે કે તે અમને પૂ. માની નજીક શી રીતે પહોંચાય તેનો અનુભવ કરાવે છે. તે તો શિસ્ત શીખવતી (પાઠશાળા) જેવું છે. જેનાં સારથિ પૂ. મા છે તેવો તે (આધ્યાત્મિક) રથ છે. એથી જ અમને પૂ. મા અને સ્વર્ગારોહણમાં ઊંડી શ્રદ્ધા છે.

અને કુટિયા તો કોઈનેય સાંસારિક બંધનો અને ચિંતાઓ ત્યજીને મનને આરામ આપવાનું સરસ સ્થાન છે. અરે, એ તો તનાવમુક્ત થવાનો ઓરડો છે, જ્યાં માણસનું મન નવી તાજગી પ્રાપ્ત કરી શાશ્વત સુખમાં સ્નાન કરે છે. આ કુટિયા એ તો મા–પ્રભુના આશીર્વાદોના ભંડાર સમાન છે, જ્યાં કોઈ પણ આવીને મા–પ્રભુની કૃપા પામી શકે છે.

યોગતીર્થ એ (પૂ. માએ રચેલ) પ. પૂ. શ્રી યોગેશ્વરજીએ



ઉપયોગમાં લીધેલ બેગ, કપડાં, વાસણો, પલંગ–તેમ જ તેઓના સમગ્ર જીવનનું દર્શન કરાવતી પૂ. મા–પ્રભુની તસ્વીરોનું સંગ્રહ-સ્થાન છે. તેમાં તેઓએ લખેલ પુસ્તકોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. જો કે આખું યોગતીર્થ સુંદર છે અને તેમાં પ્રદર્શિત કરેલ દરેક તસ્વીરને કંઈક ને કંઈક સંદેશ ધરવાનો છે. મને યોગતીર્થ એટલા માટે ગમે છે કારણ કે તેની સજાવટ આશ્ચર્ય-જનક અને સર્વોત્તમ છે તેમાં પ્રભુના જીવનની દરેક મહત્ત્વની ઘટના અભિવ્યક્ત થઈ છે. આપણી કલ્પના કામ ના કરી શકે તેવી બારીકાઈ અને ચોકસાઈપૂર્વક આ તસ્વીરો દર્શાવાઈ છે. અરે, આ યોગતીર્થ તો પ્રભુની જીવંતતાનો અનુભવ કરાવે છે, જ્યાં તેઓના જીવન વિષે ઘણું જાણી શકાય. અહીં તો પ્રભુએ જ્યોત ધરીને દર્શાવ્યું છે કે જીવન અલભ્ય છે. રખે એને વેડફી દેતા.

સ્વર્ગારોહણ મને ગમવાનું કારણ એ છે કે જ્યારે જ્યારે હું અહીં આવું છું ત્યારે પૂ. માને મળવાની સરસ તક મળે છે. પૂ. માની એક ભાવના રહી છે કે તેના બાળકો દુનિયામાં નામ કાઢે. પૂ. મા સત્સંગ, ભજન અને ધૂનના કાર્યક્રમો પ્રયોજાવે છે જેથી આપણે જીવન વિષે જાગ્રત બની જીવનનું મહત્ત્વ સમજી બીજાઓને ઉપયોગી કે મદદગાર કેમ થઈ શકીએ. મને ભજન અને ધૂન એટલા માટે ગમે છે કે તેનાથી આખા સ્વર્ગારોહણમાં દિવ્યતાનો માહોલ બની રહે છે.

સ્વર્ગારોહણમાં (પૂ. મા સાથે) મને પ્રણામ કરવાનું ગમે છે. મારા ઘરે આ પ્રણામ કરવામાં હું થોડો બેદરકાર બની રહું છું, પરંતુ અહીં સ્વર્ગારોહણમાં કદી તેમાં પ્રમાદ કરતો નથી. અહીં સ્વર્ગારોહણમાં જ્યારે આવું છું ત્યારે પૂ. મા કંઈ ને કંઈ કામ

સોંપે છે, જેનાથી મને તેમના આશીર્વાદ પ્રાપ્ત થાય છે. આથી મને પૂ. મા અને સ્વર્ગારોહણ બંને ગમે છે અને એથી પૂ. માને ગમું એવો સરસ બની રહું–એવી મને ઇચ્છા થાય છે.

હું પૂ. માને ખાત્રીપૂર્વક કહેવા માગું છું કે હે મા, આપને કદી કોઇ પ્રકારનું દુઃખ પહોંચે અને સ્વર્ગારોહણ અને પૂ. માના નામને ઝાંખપ લાગે તેવું નહીં કરું. હું પૂ. માના શ્રેષ્ઠ ભક્તોમાંનો એક બની રહેવા મારાથી બનતું બધું કરી છૂટીશ.

O

## * વામકુક્ષી *

જમ્યા પછી ૧૦૦ કદમ ધીમે ધીમે ચાલવું,
૮ શ્વાસ સુધી ચત્તા સૂઇ રહેવું,
૧૬ શ્વાસ સુધી જમણા પડખે રહેવું,
૩૨ શ્વાસ સુધી ડાબા પડખે રહેવું.
પછી ઊભા થઇ જવું.

આયુર્વેદ એમ કહે છે કે જમ્યા પછી વામકુક્ષી કરવાથી પાચન પ્રક્રિયા સારી બને છે. જે માણસોએ સારા આરોગ્ય સાથે જીવવું છે, તેમણે તેનો શક્ય તેટલો અમલ કરવો જરૂરી છે. બાકી તો જમ્યા પછી તુરત જ દોડનાર વ્યક્તિ પાછળ મૃત્યુ દોડે છે. **मृत्यु र्धावति धावति।** તો બીજા પક્ષે વામકુક્ષી એટલે ડાબે પડખે જમ્યા પછી, સૂઇ જવું એવો પણ એને અર્થ નથી, તે આ વાંચવાથી સમજાયું હશે.



# A Departing Letter to Pujya Maa

**Nisha Bhakta, U. S. A.**

## Thank you Maa, for Making Possible to visit India

Dearest Maa,

Thank you! I am going after 4.5 months and I am still having such a great time. Three months of my sangeet class finished and a month of travelling. I have seen and experienced so much that I can't even give words to it.

Everything worked out perfectly, I never felt lonely with Bijalben and Shipraben on my side. Then you spent 1.5 months in Mumbai which helped me fit and settle into school. From waving good bye to me in the morning to being there to listen to my daily stories, you were always there–making me smile. I got to practice my Gujarati with you as I practice reading your slate! Your patience and time in helping me grow are truly immeasurable.

My first time in India and there's not a

single doubt of why I came here. This has been the biggest learning experience of my life. The things that I have learned will only come into effect when I go home back th my everyday life. I will just remember the young children begging on the streets, the old and aged men riding/driving the bicycle, rickshaws in Haridwar, only earning 10 Rupees after so much effort-after tiring their bodies to the extreme. I will remember the medical camp when I actually got to do real Seva. I will remember the accident from where I learned how lucky we were-how Maa and Prabhu lifted us away from any serious harm. I will remember the little hand made boxed-homes on the side of the roads within which lived families who struggled day to day on making enough money to eat. when I am at home sitting complaining that I didn't get this dress, I didn't get to eat a certain food. When it was simply too hot, I will remember that there are people in this world that can't even find a proper meal in a day, who dig through trash to find a single ounce of dirty food.

I have gained great strength being here. I



have gained tolerance to withstand everyday annoyances like heat. I have gained courage after going through such a big accident. I have learned the real meaning of acceptance. I have learned how to be independent by finding ways to live in an unknown country. When I go home and complain about the anxiety of starting a new school in September, about meeting new people, about starting my heavy load in my masters Program, I will remember that I learned how to take a rickshaw on my own, that I learned just enough Hindi to communicate with people, that I learned to travel in such a big and hectic city!

Most of all I have learned the meaning of faith. I have seen here-in the eyes of the sadhaks(seekers) what true faith is! I only wish for such a strong faith as walk along my path in life. I know as long as I have you I won't go wrong-but I just pray that I never lose sight of the only stable, real and loving life force, in my life-'you'!

I'm going back to a life style in which I have been pampered. I have never had to

hand wash my own clothes. I have never had to worry about how much water I can use when I shower. I have never had to worry about what happens to young children begging for food on the streets. A world and a life style where friends made and gave me a meaning in life, where being with friends is what makes me happy. It's a lifestyle where it's rare to stop and listen to the cries of the world. To just step back out of your OWN LIFE to see all that have been given.

See, it's so easy to forget how lucky I have been given the chance to dream. Many children here, don't even have a reason to dream–to grow–to learn!!

Maa. never let me forget how much I have been given. I am human–full of mistakes, so will need a reminder here and there saying, "Nisha, you're a lucky girl! You have so much in your life that it won't hurt you to give others in life! Look at your life and smile!" I am teary, learning but I'll be back next year to learn more. Thank you Maa for making INDIA possible and amazing!!



# રસેશ્વરી

યોગેશ્વરજી

[આ મહિનાથી ભાગવતના કથા પ્રસંગો પર આધારિત પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલી 'રસેશ્વરી' નવલકથાનો પ્રારંભ કરીએ છીએ. પૂ. શ્રી યોગેશ્વરજીએ તે માટે શું કહ્યું છે, તે તેઓશ્રીના શબ્દોમાં જોઈએ. —તંત્રી

ભારતની ને ભારતની બહારની જનતાના દિલમાં ભગવાન કૃષ્ણને માટે એક જાતનો વિશેષ આદરભાવ છે. ભારતના ભિન્ન ભિન્ન પ્રદેશોમાં એમને માટે અસાધારણ શ્રદ્ધાભક્તિ દેખાય છે. ભાગવત તથા હરિવંશ જેવા ધર્મગ્રંથોમાં એમની ગુણગાથાઓ ભરેલી છે. એ સૌને લક્ષમાં લઈને અને એમને માટેના મારા પોતાના પ્રેમ ને પૂજ્યભાવથી પ્રેરાઈને મેં આ ગ્રંથલેખનનું કાર્ય ઉપાડેલું, અને પૂર્ણાહુતિ સમયે મને સ્વાભાવિક રીતે જ સંતોષાનુભવ થઈ રહ્યો છે.

આની પહેલાં મેં 'ઉત્તરપથ'માં મહાભારતનું વિસ્તૃત આલેખન કર્યું હોવાથી, એ ગ્રંથોમાં લખાયેલા કૃષ્ણજીવન સાથે સંબંધિત પ્રસંગોનો ચિતાર આમાં નથી આપ્યો. એ ગ્રંથોના અનુસંધાનમાં આ ગ્રંથની રચના થઈ છે તે છતાં આનું સ્વતંત્ર વાચન પણ રસપ્રદ થઈ પડશે.

લોકહૃદયમાં કૃષ્ણ સાથે રાધાનું સ્થાન પણ છે જ. કૃષ્ણ તથા રાધા સંકળાયેલાં છે. લોકો એમને એકસરખા આદર અને અનુરાગથી આજે પણ યાદ કરે છે કે પૂજે છે. મેં આ ગ્રંથમાં એ પ્રેમમૂર્તિ રાધાના પાત્રને પણ રજૂ કર્યું છે. એ એની વિશેષતા છે.

રાધા ને કૃષ્ણના વંદનીય વ્યક્તિત્વના અનંત અર્ણવમાંથી મેં તો થોડાંક બિંદુ જ રજૂ કર્યાં છે. એમના સંપૂર્ણ વ્યક્તિત્વને કોણ ઝીલી શકે? તોપણ આ રજૂઆત મારી જેમ બીજા અનેકને આનંદ આપશે એવી આશા છે.

कृष्णं वन्दे जगद्गुरुम् ।]

### કારાગૃહમાં

કંસના ક્લેશયુક્ત, કરાળ, કૃતાંતના નિવાસસ્થાન જેવા, કારાવાસમાં વિરાજેલા વસુદેવ પોતાના બંધનથી ઝકડાયેલા જીવનને ભારે વેદનાપૂર્વક જેમતેમ કરીને પસાર કરી રહેલા.

એમના અંતરમાં આનંદ નહોતો.

એમનું વદનકમળ કરમાઇ ગયેલું.

વિષાદ તથા વ્યથાને લીધે આંખ ઊંડી ઊતરી ગયેલી.

કારાવાસમાં એમને માટે અનિદ્રા સ્વાભાવિક જેવી થઇ પડેલી. એ કોઇવાર ભાગ્યે જ સુખપૂર્વક સૂઇ શકતા અને સૂતા તોપણ અવારનવાર ઝબકીને જાગી ઊઠતા.

ચિંતા દિવસ ને રાત ચિતા બનીને એમનાં તન, મન અને અંતરને જલાવ્યા કરતી.

પોતાના જીવનના જાજ્વલ્યમાન, પ્રસન્નતાથી પુલકિત, પ્રશાંત, પ્રેરણાત્મક પ્રવાહે જે આકસ્મિક પલટો ખાધેલો તેનું સ્મરણ એમને માટે ખૂબ જ સંતાપજનક થઇ પડતું, એમના કરુણાસભર, કોમળ કાળજામાં કંપ પેદા કરતું, એમના અંતરાત્મામાં એક પ્રકારનો ઊંડો અનિર્વચનીય અસંતોષ જગાવતું, અને એમને શૂન્યમનસ્ક જેવા બનાવી દેતું.

ક્યાં પહેલાંનું સ્વતંત્રતાની સ્વર્ગીય સૌરભથી ભરેલું નિરંકુશ સુખી જીવન અને ક્યાં અત્યારનું પરાધીનતાના પાશવાળું, દુઃખના દાવાનળમાં દગ્ધ થઇ જતું જટિલ ઝેરયુક્ત જીવન!



બંનેમાં કેટલો બધો વિશાળ વિરોધાભાસ?

આવા મરણની આવૃત્તિ સરખા જડ જીવનમાં સુખ, શાંતિ અથવા આનંદની સાધારણ છાયા પણ ક્યાંથી હોઇ શકે?

વનના વિવિધ પ્રદેશોમાં વિહરનારા પ્રસન્ન પંખીને પાશવતાપૂર્વક પકડીને પીંજરામાં કેદ કરવામાં આવે તો તેને પ્રથમના જેવો ઉલ્લાસ ક્યાંથી મળી શકે? પિંજર સાવ સોનાનું હોય, રજતપાત્રોમાં આરોગવાનું હોય, ને ભાતભાતના ભોજ્ય કે પેય પદાર્થોની પ્રાપ્તિ થઇ શકતી હોય તોપણ, એના આત્મામાંથી સ્વાતંત્ર્યનું પેલું સ્વાભાવિક સુધામય સૂરીલું સંગીત કેવી રીતે છૂટી શકે, એને તૃપ્તિ ક્યાંથી મળી શકે, અને એનું જીવન ઉત્સવમય કેવી રીતે બને?

વસુદેવની અવસ્થા એવી જ હતી: આનંદરહિત, આર્ત, અસ્વસ્થ અને અસહાય.

આજે એ બ્રાહ્મમુહૂર્તમાં જાગ્યા તોપણ બ્રાહ્મમુહૂર્તની ઊંડી અસીમ શાંતિની અસર એમને જરા પણ ના થઇ.

પોતાની દયનીય દશાનો વિચાર કરવાથી એમનું અંતર આર્દ્ર બન્યું અને એમની આંખ ઊભરાઇ આવી.

પાસે જ પૃથ્વી પર પાથરેલી સાદી પથારી પર એમની સૌંદર્યમૂર્તિ પ્રાણપ્યારી પત્ની દેવકી બેઠેલી.

એને પણ ઊંઘ ક્યાં હતી?

ચિંતા, વ્યથા, આશંકા અને ભયને લીધે એનું વદન પણ વિશીર્ણ અથવા વિદીર્ણ બની ગયેલું અને શરીર સૂકાઇ રહેલું.

એને જોતાંવેંત જ એ દુઃખની મૂર્તિ જેવી દેખાઇ આવતી. જેવી દેવકી અંતરમાં અસાધારણ આક્રંદ હોવા છતાં ઉપરથી શાંત

હતી. વસુદેવને મમત્વભરેલી મીઠી નજરે નિહાળીને એ ધીમા સ્વરે બોલી :

'આજે પણ તમને ઊંઘ નથી આવી?'

'આવી પરંતુ ઘણી થોડી. લાંબે વખતે આંખ થોડીક મીંચાઇ ના મીંચાઇ ત્યાં તો પાછી ઊઘડી ગઇ. તને? તને ઊંઘ આવી કે નહિ?'

'આવી. પણ આવી રીતે રોજરોજ નહિ ઊંઘો તો શરીરની દશા કેવી કફોડી થશે તે ખબર છે?'

'ખબર છે છતાં શું કરું?'

'કેમ?'

'ઊંઘ મારાથી રિસાઇને બેઠી હોય ત્યાં શું થઇ શકે? એને લાવવા ના લાવવાનું કાંઇ મારા હાથમાં થોડું છે?'

'તો બીજા કોના હાથમાં છે?'

'વિધાતાના હાથમાં. જે શક્તિએ સૃષ્ટિની રચના કરી છે ને જે એનું પાલનપોષણ, સંવર્ધન કે વિસર્જન કરે છે એના હાથમાં. આપણા જીવનના સૂત્રધાર તથા સારસર્વસ્વ એ જ છે. એમના દોરીસંચાર પ્રમાણે બધું ચાલ્યા કરે છે.'

'તમને એવું જ્ઞાન કે ભાન થયું હોય તો પછી ચિંતા, આશંકા અને ભય કદી પણ ના સતાવી શકે.'

વસુદેવ થોડીક વાર શાંત રહીને બોલ્યા :

'જ્ઞાન થયું છે પરંતુ ભાન નથી થયું. જ્ઞાન થવું એક વાત છે અને એનું ભાન થવું અથવા એની અનુભૂતિ થવી એ જુદી જ વાત છે. તોપણ એ જ્ઞાન મને થોડીક રાહત અને થોડુંક સાંત્વન



આપે છે ખરું. આવી પ્રતિકૂળ, પીડા પારાવાર જેવી પરિસ્થિતિમાં એ જ્ઞાનને લીધે જ ટકી રહ્યો છું. મને જે વધારે દુઃખ અને વેદના થાય છે તે મારે લીધે નહિ પણ તારે લીધે થાય છે.'

'કારણ?'

'કારણ તું જાણે જ છે. તારાથી તે ગુપ્ત નથી.'

'છતાં પણ મારે લીધે તમે દુઃખી ના થાવ, લેસ પણ દુઃખી ના થાવ, એવું અંતઃકરણપૂર્વક ઇચ્છું છું. પ્રાર્થું છું. મારા દુઃખ કે પરિતાપનો ભાર મને જ ઉપાડવા દો.'

'એવું કેવી રીતે બની શકે, દેવકી?'

'કેમ ના બની શકે?'

'હું તારો પતિ છું ને પતિ તરીકે તારા પ્રત્યે મારી પણ કાંઇક ફરજ છે. અગ્નિની સાક્ષીએ મેં તને સુખી કરવાની પ્રતિજ્ઞા લીધી છે, પરંતુ એ પ્રતિજ્ઞાનું પાલન મારાથી થઇ શક્યું છે ખરું? કોણ જાણે આપણે કેવા વિપરીત ગ્રહયોગમાં લગ્નગ્રંથિથી જોડાયાં કે હું તને સુખ જ ના આપી શક્યો. લગ્ન પછી સ્વેચ્છાપૂર્વક સુખમય વિહાર કરીને જીવનને ઉત્સવમય કરવાને બદલે આપણે કારાવાસમાં કેદ થયાં અને એટલું કષ્ટ જાણે કે ઓછું હોય તેમ ક્રૂર કંસે આપણાં તરતનાં જન્મેલાં નિર્દોષ સુકુમાર સંતાનોને જોતજોતામાં, નિમીષમાત્રમાં રહેંસી નાંખ્યાં.'

વસુદેવનું હૈયું ભરાઇ આવ્યું. ગળું રૂંધાઇ ગયું.

દેવકી પણ ભાવાર્દ્ર અને આર્ત બની ગઇ. છતાં બોલી :

'તેમાં તમે શું કરો? એ બધું તમે થોડું જ કર્યું છે?'

'મેં નથી કર્યું, પણ હું એમાં નિમિત્ત તો બન્યો જ છું ને?'

'એથી શું થયું? એમ તો હું પણ નિમિત્ત ક્યાં નથી બની? જે

કાંઈ બન્યું છે તે આપણે બંનેને લીધે બન્યું છે. તમારે એકલાને લીધે નથી બન્યું. એવા વિચારો કરીને દુઃખી ના બનતા.'

'મારા મનમાં એ વાતનો વસવસો તો રહે છે જ અને કાયમને માટે રહેશે. વિધાતાએ આવું નહોતું કરવું જોઈતું. આટલી હદે ક્રૂર નહોતું થવું જોઈતું.'

દેવકી બોલી :

'તમારા ભાવોને સહાનુભૂતિથી સમજી શકું છું. એ ભાવો ઘણા સારા છે. એમની પાછળ જે પ્રેમ રહેલો છે તે પણ પ્રશસ્ય છે. વિધાતાએ વિપરીત બનીને આવું નહોતું કરવું જોઈતું તે બરાબર છે. પરંતુ એમાં વિધાતા શું કરે? વિધાતાને દોષ દેવો બરાબર નથી. આપણાં કર્મ જ એવાં હશે કે આપણે એમનો આવો પરિપાક ભોગવવો પડયો. છતાં પણ વિધાતાએ એટલી કરુણા અવશ્ય કરી છે કે કારાવાસમાં પણ આપણને સાથે જ રાખ્યાં છે. એ એની અનુકંપા છે. તમારાથી અલગ રહીને, વિરહ-ની ભયંકર વેદનાથી વ્યાકુળ બનીને, હું વધારે જીવી ના શકત. એમાં એની કૃપાનું દર્શન કરો ને દુઃખને હળવું બનાવો. બાકી દુઃખ તો મને પણ ક્યાં ઓછું છે? પરંતુ તમારા સાન્નિધ્યમાં હું મને સુરક્ષિત અને સુખી સમજું છું ને બને તેટલી શાંત રહું છું.'

'ખરેખર?'

'હા. ખરેખર. સંતાનોના સર્વનાશનું દુઃખ એક માતા તરીકે મને પણ કાંઈ ઓછું નથી થતું. પંરતુ એનો બીજો કોઈ ઉપાય જ ક્યાં હતો? સંતાનોના મૃત્યુને નિહાળવા કરતાં મને મારા જીવનનો અંત આણવાનું વિશેષ શ્રેયસ્કર લાગતું'તું : છતાં પણ કોણ જાણે કયી શક્તિ મને હજુ સુધી ટકાવી રહી છે! કદાચ પેલી આકાશ-



વાણી મને નિમિત્ત બનાવીને મારી દ્વારા સાર્થક થવા માગતી હશે, એટલે જ મારું જીવન જળવાઈ રહ્યું હશે. ભવિષ્યના એ ઘટના-ચક્રના વિચારથી જ મને મરવાનું મન નહિ થતું હોય. આટલી બધી ચિંતા, વેદના અને યંત્રણા તેમ જ વિપત્તિ વેઠવા છતાં પણ આકાશવાણીને અનુસરીને મને જો કોઈ ધર્મપરાયણ પ્રતાપી પરાક્રમી દેવપુત્રની જનની બનવાનું સૌભાગ્ય સાંપડશે તો મારું જીવન આટલે વખતે પણ ઉજ્જવળ બનશે ને સફળ ઠરશે. ભાવિ-ની એ આશા જ મને જીવાડી રહી છે એવું લાગ્યા કરે છે.'

'એ આકાશવાણીની સફળતા મારા જીવનમાં પણ અવનવો આનંદ અથવા રસ પેદા કરશે એમાં શંકા નથી. એટલે તો હું પણ એના તરફ આશાભર્યા અંતરે જોઈ રહ્યો છું. આકાશવાણીમાં વિશ્વાસ રાખવો કે નહિ અને રાખવો તો કેટલે અંશે રાખવો એ પણ વિચારણીય તો છે જ.'

'કેમ? એવું સંશયાત્મક કેમ બોલ્યા?' દેવકીને કાંઈ સમજ ના પડી.

વસુદેવે જણાવ્યું :

'એ પણ એક વિચાર છે. વિક્ષુબ્ધ, મૂંઝાયેલા, મનમાં જે વિભિન્ન વિરોધાભાસી તર્કવિતર્કો ઊઠે છે એમાંનો એક. મને અવારનવાર વિચાર આવે છે કે એ આકાશવાણીએ જ આપણા જીવનને દુઃખી કર્યું છે.'

'એમાં આકાશવાણી શું કરે?'

'કેમ? આપણા લગ્નપ્રસંગ પછી તરત જ એ વાણી ના થઈ હોત તો પરિસ્થિતિ જુદી જ હોત. આટલી બધી પ્રતિકૂળ ના જ હોત. એ અમંગલ આકસ્મિક આકાશવાણીએ કંસના મનોભાવોને બદલી નાંખ્યા. એના વ્યવહારને વિકૃત, વિદ્વેષમય અથવા વિષાક્ત

કરી નાંખ્યો. પ્રણયના પ્રસન્ન, પરમ રસમય, પ્રદેશમાં મુક્ત રીતે વિહરવા માગનારાં પંખીઓની જાણે કે પાંખ જ તોડી નાંખવામાં આવી. એમને અપંગ અથવા અનાથ કરવામાં આવ્યાં.'

વસુદેવે નિઃશ્વાસ નાંખ્યો.

દેવકીની આંખ ભીની થઇ.

એને લૂછીને એ શાંત સ્વરે કહેવા માંડી :

'હવે એ ભૂતકાળનું સ્મરણ કરીને શોક કરવો અસ્થાને છે. આપણે જે ભોગવવાનું છે તે ભોગવાઇ રહ્યું છે. આપણને આપણા લગ્નના આનંદજનક અવસર પછી તરત જ કંસે પોતાના કારાગૃહમાં બંદી બનાવ્યાં છે અને અનેક પ્રકારની યાતનાઓ આપી છે એ સાચું છે, પરંતુ એ પણ એટલું જ સાચું છે કે વિવિધ પ્રકારની વિપત્તિ તથા વ્યથાની વચ્ચે પણ આપણે અનાથ તો નથી જ.'

'કારણ?'

'કારણ કે આપણું ધર્માચરણ સદાય આપણી સાથે છે. આપણો પક્ષ ન્યાય, નીતિ તથા સત્યનો છે. એ ધર્માચરણ તેમ જ સત્ય જ આપણી રક્ષા કરશે. એ આપણને કદી પણ એકલાં નહિ પડવા દે અને આપણો સર્વનાશ નહિ થવા દે. આપણને સત્યમાં, ધર્મમાં અને ઈશ્વરમાં શ્રદ્ધા છે એટલે આપણે અનાથ નથી પરંતુ સનાથ જ છીએ.'

'દેવકી, તારી સમજશક્તિથી મને આનંદ થાય છે. તારા જેવી પત્નીની પ્રાપ્તિ થવા બદલ ગૌરવ થાય છે. તારા જેવી સંસ્કારમૂર્તિ અસાધારણ સમજવાળી પત્ની કાંઇ જેનેતેને ના મળે. એને માટે ઈશ્વરની ઘણી મોટી અનુકંપા જોઇએ. તું મને મળી એને ઈશ્વરનો અદ્‌ભુત અનુગ્રહ માનું છું. તારા સહવાસમાં મારું જીવન ખરેખર સુખી બનશે.'



દેવકી બોલી :

'એવું બોલીને મને સંકોચમાં ના નાંખશો. તમે પોતે પણ કોઇ સાધારણ પુરુષ તો નથી જ. તમારી અસાધારણતાને તમે નહિ જાણો પરંતુ હું તો જાણું જ છું, અને એટલે જ માનું છું કે તમારા સરખા સત્પુરુષની પ્રાપ્તિ પણ મને મારા ભાગ્યોદયના પરિણામે જ થઇ શકી છે. એને મારું સાધારણ સૌભાગ્ય નથી સમજતી. સુખ ને દુઃખ તો જીવનમાં આવ્યા જ કરે છે. સંસાર અને એની અંદરનું જીવન છે જ સુખદુઃખ અને શુભાશુભના સંમિશ્રણરૂપ. આપણા જીવનમાં અત્યારે દુઃખ છે તો પછી સુખ પણ આવી પહોંચશે. ત્યાંસુધી દુઃખમાં સુખ માનવાનું જ શેષ રહે છે. એથી દુઃખ હળવું બનશે.'

દેવકી થોડીવાર અટક્યા પછી ફરીવાર બોલી :

'મને તો આકાશવાણીમાં લેશ પણ અવિશ્વાસ નથી આવતો. એ વાણી સાચી છે ને સાચી જ ઠરશે એવું ચોક્કસપણે લાગ્યા કરે છે.'

વસુદેવે વાતને જુદો વળાંક આપતાં કહ્યું :

'દેવકી, કંસનો નાશ કરવા માટે નિર્માયેલી વ્યક્તિ કોઇ સાધારણ વ્યક્તિ તો નહિ જ હોય.'

'બરાબર છે. એ પુરુષ નહિ પણ પુરુષવિશેષ હશે. કંસનું બળ તથા પરાક્રમ જોતાં કોઇ સામાન્ય પુરુષ એને મારી તો શું એનો સફળતાપૂર્વક સામનો પણ ના કરી શકે. એને માટે તો કોઇક વિશેષ લોકોત્તર શક્તિનું પ્રાકટ્ય થવું જોઇએ.'

'એવી શક્તિ તો એકમાત્ર ઈશ્વરની અલૌકિક શક્તિ જ હોઇ શકે. બીજી નહિ.'

'સાચું છે. પરંતુ એવી શક્તિ કંસને મારે શા માટે? એની અંદર સુખદ પરિવર્તન ના કરે?'

'એ શક્તિ ઇચ્છા પ્રમાણે પરિવર્તન પણ કરી શકે. જે કરવું હોય, જ્યારે કરવું હોય, ને જેવી રીતે કરવું હોય, તેમાં તે સ્વતંત્ર હોય. પરંતુ એવી લોકોત્તર શક્તિસંપન્ન વ્યક્તિ કોઇ સાધારણ જનનીને ત્યાં તો ના જ જન્મી શકે.'

દેવકીએ જણાવ્યું :

'ક્યાં જન્મવું એ તેની ઇચ્છાની વાત છે. કોઇને લીધે તેને યશ કે મહિમા ના મળે પણ તેને લીધે બધું યશસ્વી કે મહિમામય બની જાય.'

'છતાં પણ એવી અસાધારણ વ્યક્તિની જનની થવા માટેની યોગ્યતા તારા સિવાય બીજી કોઇ સ્ત્રીમાં નથી દેખાતી. તું તેને માટે સંપૂર્ણપણે સુયોગ્ય છે.'

દેવકી શાંત રહી, ને થોડીવાર પછી બોલી :

'તેને માટે તમારા સરખા સુયોગ્ય પિતા પણ બીજા નહિ હોય. જો કે તે ચાહે તેને સુયોગ્ય બનાવી શકે છે, છતાં પણ પિતા થવાનું ભાગ્ય તમને જ મળે તે બરાબર છે.'

વાસુદેવની આંખ આગળ ભવિષ્યનાં સ્વપ્નદૃશ્યો ઊઠવા લાગ્યાં.

ઘડીભર તો એ ભૂલી ગયા કે પોતે દેવકી સાથે કારાગૃહમાં કેદ છે.

પરંતુ...વાસ્તવિકતાનું ભાન થતાં કાળજું કરુણાતિકરુણ બની ગયું અને એમણે ઊંડો નિઃશ્વાસ નાંખ્યો.

એમના મ્લાન મુખમાંથી શબ્દો સરી પડયા :

'ઓહ! શો કરુણ ઘટનાક્રમ!' (ક્રમશઃ)

## * તો જ રામરાજ્ય શક્ય બનશે. *

દેશમાં પક્ષાપક્ષી વધવા માંડી છે, સેવાવૃત્તિનો લોપ થવા માંડયો છે, ને નીતિ કે આધ્યાત્મિકતા તો વિરલ લોકોનો જ ઇજારો થઇ ગઇ છે. આ દશાનું કારણ શું? તેનું ઓસડ શું? ગંગાને કિનારે ઊભા રહીને મેં વિચારો કર્યા. પણ તેનો વિસ્તાર વધારે થશે. અહીં તો એટલું જ કહીશ કે ભારતે સુખી ને સમૃદ્ધ થવું હોય, આઝાદીના ફળને ચાખવા જો તેણે રામરાજ્યની રચના કરવી હોય, તો પ્રત્યેક માણસે ન્યાય ને નીતિને અપનાવ્યા વિના છૂટકો નથી, ઈશ્વરપરાયણ થયા વિના છૂટકો નથી, ને સેવા ને સહકારનું વ્રત લઇને જીવનમાં સંયમ, સાદાઇ તથા સચ્ચાઇને ઊતાર્યા વિના ચાલશે નહીં. આપણી પાસે બે માર્ગ છે. એમ કહો કે આખા સંસાર માટે બે માર્ગ છે. એક તો આપણા પ્રાતઃસ્મરણીય મહાપુરુષોએ બતાવેલો ઉન્નતિ માર્ગ ને બીજો હિંસા, અસત્ય, ક્રોધ, કપટ, છલ તેમ જ દુરાચારનો રાક્ષસી માર્ગ. એ માર્ગ પતનનો છે. તેનાં વિપરીત પરિણામોની માહિતી માનવસમાજને મળી ચૂકી છે. છતાં પણ જો તે નહિ ચેતે, ને રાક્ષસી માર્ગને નહિ મૂકે, તો દેશ ને દુનિયાનાં દુઃખો વધતાં જ જશે, ને તેનો કોઇ ઇલાજ નહિ થઇ શકે. ધર્મ ને સાચી આધ્યાત્મિકતાના પાયાપર રચાયેલો સમાજ જ સુખી, સમૃદ્ધ ને સલામત થઇ શકશે.

યોગેશ્વરજી

ADHYATMA * Regd. No. GBV 113 * R.N.I.No.71957/99

# * સાધનામાં નિયમિતતા *

મુક્તિ, પરમશાંતિ, પૂર્ણતા કે પરમાત્મદર્શનનો સંકલ્પ કરી ચૂકેલા અથવા સાધનાના ક્ષેત્રમાં આગળ વધીને અન્ય પ્રકારની સિદ્ધિની સંપ્રાપ્તિ કરવા માગનારા સાધકોએ સૌથી પહેલાં તો સાધનામાં નિયમબદ્ધ બનતાં કે નિયમિત થતાં શીખવાનું છે, સાધનાના જે પણ અભ્યાસક્રમને અપનાવવામાં અને આરંભવામાં આવે એ અભ્યાસક્રમનું અનુષ્ઠાન નિત્ય અને નિયમિત રીતે થવું જોઈએ. કુદરતનો વિચાર કરતાં જણાય છે કે એ કેટલી બધી શિસ્તબદ્ધ, સુવ્યવસ્થિત ને નિયમિત છે. સમય પર સૂર્યોદય થાય છે ને સમય પર સૂર્યાસ્ત. દિવસ ને રાતનું ચક્ર વારાફરતી છતાં પણ નિર્ધારીત સમયે ફર્યા કરે છે. સમુદ્રમાં નિશ્ચિત નિયમાનુસાર ભરતી અને ઓટ આવ્યા કરે છે. ઋતુઓનું આવાગમન પણ એકધારું અને ચોક્કસ રીતે થયા કરે છે. ઠંડીની ઋતુમાં ઠંડી પડે છે, ગરમીની ઋતુમાં ગરમી, વરસાદના દિવસોમાં વરસાદ. કોઈને ખબર પણ ના પડે એવી રહસ્યમય તેમ જ ગહન રીતે એ કાર્યક્રમ પુરાતન કાળથી માંડીને અર્વાચીન કાળપર્યંત અખંડી રીતે ચાલ્યા જ કરે છે. ઈશ્વરની દુનિયા કેટલી બધી નિયમબદ્ધ ને ચોક્કસ છે તેનો ખ્યાલ રાતનો વિચાર કરવાથી સહેજે આવી શકે છે. રોજ રાતે અંધકારમાં તારા ટમકે છે, નિયમ પ્રમાણે ચંદ્ર પ્રકાશે છે, અને દિવસના શુભાગમની શરૂઆત થતાં એ સઘળી લીલા સંકેલાઈ જાય છે.

યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાનઃ—પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર—૧.